
ચતુર કાચબો




એક શિયાળ ને બહુ ભૂખ લાગી હતી।

એ ખોરાક માટે આખું જંગલ ભટક્યું।

નદી ના કાંઠે એણે એક કાચબો
જોયો અને એને પકડયો।

પણ કાચબા નું કવચ બહુ કડક હોવાથી
શિયાળ કાચબા ને ખાઈ ન શક્યું।






"શિયાળ ભાઈ! મને થોડી વાર પાણી માં પલાળો, એટલે મારુ કવચ નરમ થશે અને પછી તમે મને ખાઈ શકશો," કાચબા એ સુચવ્યું।

કાચબા ના કહેવા ઉપર શિયાળ ને ભરોસો બેઠો અને કહ્યું, "ભલે!" એણે કાચબા ને પાણી માં છોડયો।

કાચબો તરત શિયાળ થી દૂર ગયો અને તરતો તરતો સુરક્ષિત જગ્યા એ પહોંચી ગયો।




Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


કૂતરો અને હાડકું

એક કૂતરો મોઢામાં માંસનો ટુકડો લઈ ને એક પુલ ઉપરથી ચાલી રહ્યો હતો।



અચાનક એને પાણી માં પોતાનું પ્રતિબિંબ દેખાયું। એને લાગ્યું કે એ એક બીજો કૂતરો છે। એ પ્રતિબિંબ પર ભસવા લાગ્યો।

એના મોઢામાં નો માંસ નો ટુકડો પાણી માં પડી ગયો।



બે દેડકા




એ વર્ષે બહુ તીવ્ર ઉનાળો હતો। બધા તળાવ અને સરોવર સૂકાઈ ગયા હતા।

બે દેડકા રહેવા માટે નવી જગ્યા શોધવા લાગ્યા।

એમને એક કૂવો મળ્યો।

"ચાલ અંદર કૂદી પડીયે। અંદર ખૂબ પાણી છે। આપણે આનંદ થી રહેશું!" એક દેડકો બોલ્યો।

"ના!" બીજા દેડકા એ કહ્યું। "અત્યારે અહીં પાણી છે, પણ જો એ પણ સૂકાઈ જશે તો આપણે બહાર નીકળી જ શકશું નહીં।"




Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

શિયાળ અને દ્રાક્ષ



કોઈ એક સમયે, એક શિયાળ હતું। એક દિવસ એને ખાવા માટે કંઈ અનાજ ન મળ્યું।

શિયાળ બહુ ભૂખ્યું હતું। તેને એક વેલ ઉપર લટકતો દ્રાક્ષ નો ઝૂમખો દેખાયો। એના મોઢામાં પાણી છૂટ્યું।

એણે ખૂબ કૂદકા લગાવ્યા, પણ દ્રાક્ષ સુધી પહોંચી શક્યું નહીં।


થોડી વાર માં એ થાક્યું। "આ ખાટી દ્રાક્ષ મને ન જોઈએ!" એમ વિચારતું એ પાછું જંગલ માં જતું રહ્યું।



સિંહ ની ચામડી માં ગધેડો

ઘણા ઘણા વર્ષો પહેલા, એક ગધેડો હતો। એને સિંહ ની ખાલ મળી। એણે એ પોતે ઓઢી લીધી।

બધા ને લાગ્યું કે આ તો સિંહ જ છે। લોકો ગભરાયા। પ્રાણીઓ પણ ગભરાયા। ગધેડો બીક વગર છાતી કુલાવી અહીં-તહીં ફરવા લાગ્યો।



એક દિવસ ખૂબ જોરથી હવા ચાલી, અને સિંહ ની ખાલ ઉડી ગઈ। ગધેડા નું રહસ્ય ઉઘાડું પડયું!

"આ તો ગધેડો છે! અને આપણે સમજતા હતા કે સિંહ છે!" લોકો બોલ્યા। લોકો એ ગધેડા ને ગામ માં થી બહાર હાંકી કાઢ્યો।



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions



પક્ષી અને કીડી

કોઈ એક સમયે, એક પક્ષી હતું।

અને એક કીડી હતી।


બંને એક ઝાડ પર રહેતા હતા।


એક દિવસ ખૂબ વરસાદ પડવા લાગ્યો।
કીડી પાણી માં તણાઈ જવા લાગી।



એ જોતાજ પક્ષી એ થોડા પાન તોડીને પાણીમાં નાખ્યા।

કીડી એક પાન ઉપર ચઢી અને એના પ્રાણ બચી ગયા।





એક દિવસ એક પારધી
જંગલ માં આવ્યો।

એને પક્ષી દેખાયું અને એણે
પક્ષી ને મારવા માટે બાણ ચઢાવ્યું।
આ જોતાજ કીડીએ પારધી ના પગ
માં જોરથી બટકું ભર્યું।

પારધી પીડા થી
ફૂદવા લાગ્યો અને
એના બાણ નું
નિશાન ચુકી ગયો।

પક્ષી સુરક્ષિત
જગ્યાએ ઉડી ગયું।

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


ઘોડો અને ગોકળગાય


એક હતો ઘોડો। એ ખૂબ ઘમંડી હતો। એણે એક ગોકળગાય જોઈ। એને ધીમે ધીમે ચાલતા જોઈ ઘોડાને એને ચીઢવવાનું મન થયું। "એય ગોકળગાય! ચાલ દોડ હરીફાઈ કરશું?" એણે પૂછ્યું।



ગોકળગાય ને ઘોડા ઉપર ગુસ્સો આવ્યો।

"ભલે, ચાલશે। રવિવારે દોડ હરીફાઈ કરશું!" એણે કહ્યું।






ગોકળગાય ઘરે ગઈ, અને એણે બીજી બધી ગોકળગાય ને ભેગી કરી। એમને દોડ હરીફાઈ વિષે કહ્યું। બધા એ મળી ને ઘોડા ને પાઠ ભણાવવાની યોજના બનાવી।

રવિવારે બધી ગોકળગાય એકદમ જલ્દી ઘર ની બહાર નીકળી।

દોડ ની શરૂઆત ની જગ્યા થી દોડ પુરી થવાની હતી ત્યાં સુધી થોડા થોડા અંતરે ગોકળગાય એક એક કરી ને સંતાઈ ગઈ।




દોડ શરુ થઈ। ઘોડો થોડી વાર
દોડયો અને એણે આગળ જોયું। આગળ
ગોકળગાય! ઘોડાએ પોતાનો વેગ
વધાર્યો। તો પણ આગળ ગોકળગાય!
ઘોડો હજી તેજી થી દોડવા લાગ્યો।

ગમે તેટલી ઝડપ થી દોડવાનો પ્રયત્ન કર્યો તો પણ ગોકળગાય ઘોડા ની આગળ જ હતી!

થાકી ને હારી ને છેવટે ઘોડાએ હાર માની લીધી।

"હું હાર્યો!" એ વિનમ્રતા થી બોલ્યો।



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

સિંહ અને ઉંદર

શિકાર કરીને થાકેલો સિંહ આરામ કરવા પડયો, અને એને ગાઢ ઊંઘ ચઢી ગઈ।

પાસેના દરમાં થી એક ઉંદર બહાર આવ્યો। સિંહ ના શરીર ઉપર દોડાદોડ કરવા લાગ્યો।





સિંહ જાગી ગયો। એણે ઉંદર ને પકડયો। ઊંઘ માં ખલેલ પડી એટલે એ ખૂબ ગુસ્સા માં હતો।

"સિંહ રાજા! મને છોડી દ્યો। તમારી ઉપર સંકટ આવશે ત્યારે હું નક્કી તમારી મદદ કરીશ," ઉંદરે આજીજી કરી।

"હા! હા! હા! તું મારી મદદ કેવી રીતે કરીશ? તારી ઉપર દયા આવે છે એટલે તને છોડી દઉં છું। જા ભાગ!" સિંહ ગરજ્યો।


ઉંદર તરત દર માં ભાગી ગયો।

ઘણા દિવસો વીત્યા। એક દિવસ સિંહ શિકારી ની જાળ માં ફસાઈ ગયો। ખૂબ પ્રયત્ન કરવા છતાં એ જાળ માંથી પોતાને છોડાવી શક્યો નહીં। સિંહ ગર્જના કરવા લાગ્યો। ઉંદરે સિંહ ની ગર્જના સાંભળી। એ દોડતો સિંહ પાસે આવ્યો।


"હે જંગલ ના રાજા! તમે એ દિવસે મને જીવનદાન આપ્યું હતું! આજે હું તમને મદદ કરીશ," એ બોલ્યો।

પોતાના તીક્ષ્ણ દાંતથી ઉંદરે જાળ ને કોતરી ખાધી।

સિંહ જાળ માં થી મુક્ત થયો।




ઘડો અને તવો



કોઈ એક સમયે, એક હતો ઘડો અને એક હતો તવો।

“તવા! હું તને મારીશ!” ઘડો બોલ્યો।

તવા એ શાંતિ થી ઉત્તર આપ્યો, "તું મને માર, કે હું તને મારું, ફુટીશ તો તુંજ!"



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

બિલાડી ના ગળામાં ઘંટડી

એક ગોદામ માં એક બિલાડી રહેતી હતી।

અનેક ઉંદર પણ રહેતા હતા।
ઉંદર બિલાડી થી ડરતા હતા।





બિલાડી રોજ થોડા ઉંદરો નો શિકાર કરીને એને

ખાઈ જતી।

બિલાડીથી કેવી રીતે છટકી શકાય એ બધા ઉંદર

વિચારતા હતા।

ઉંદર ભેગા થયા અને વિચારવા લાગ્યા।

"શું કરી શકાય? શું કરી શકાય?"

એક ઉંદરે કહ્યું, "બિલાડીના ગળામાં ઘંટડી

બાંધીયે!"



"બહુ સરસ યુક્તિ છે" બધાએ કહ્યું।

પણ બિલાડી ના ગળામાં ઘંટડી બાંધે કોણ?

Gujarati : Sudhir Jhaveri



A Bagful of Stories

Published by

Manchi Pustakam


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

વિચિત્ર ઈંડુ

બહુ જુની વાત છે। એક સસલું હતું। એને એક દડો મળ્યો। દડો મોટો, ગોળ અને રંગીન હતો। સસલાએ દડો ઉપાડી નજીક થી જોયો। દડો કડક હતો।

"કેટલું મોટું છે! કોનું ઈંડુ હશે આ?" સસલાને પ્રશ્ન થયો।





સસલાએ કાચબા ને બોલાવ્યો।
"આ વાઘ નું ઈંડુ છે શું?" એણે પૂછ્યું।
"ના, ના। વાઘ નું ઈંડુ આટલું મોટું ન હોય। આ વાઘ નું ઈંડુ નક્કી જ નથી," કાચબો બોલ્યો।



સસલાએ વાંદરાને બોલાવ્યો।
"આ ઊંટ નું ઈંડુ છે શું?" એણે પૂછ્યું।
"ના, ના। આ ઊંટ નું ઈંડુ નથી। ઊંટ નું ઈંડુ રંગીન ન હોય," વાંદરો બોલ્યો।

સસલાએ સારસને બોલાવ્યું।


"આ હાથી નું ઈંડુ છે શું?” એણે પૂછ્યું।

સારસે એકદમ નજીક થી દડો જોયો। દડા ઉપર ચાંચ મારી।

દડો ફૂટ્યો, અને એમાંથી ફૂસ્સ્સ્સ અવાજ કરતી હવા બહાર નીકળવા લાગી।

"સમજાયું! આ તો હવાનું ઈંડુ છે!" સારસ બોલ્યું।





"હા! બરાબર! આ નક્કી હવાનું ઈંડુ છે!" સસલું, કાચબો અને વાંદરો આનંદ થી કુદકા મારતા બોલ્યા।


Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

ચાલાક કૂકડો


એક શિયાળ ને બહુ ભૂખ લાગી. એ ખોરાક ની શોધ માં નીકળ્યું. એક ઝુપડી ની છત પર તેને એક કૂકડો દેખાયો. શિયાળ ને કૂકડા ને જમીન ઉપર લાવવાની યુક્તિ સૂઝી.



"કૂકડા ભાઈ! કેટલા દિવસે દેખાયા! તમારી તબિયત બહુ ખરાબ દેખાય છે। સાવ દુર્બળ થઈ ગયા છો। અશક્ત પણ લાગો છો। અહીં નીચે આવો, હું તમારી નાડી તપાસીશ, અને તમારી તબિયત ને શું થયું છે એનું નિદાન કરીશ," શિયાળ એકદમ પ્રેમથી બોલ્યું।


"સાચું છે, પ્રિય મિત્ર! હું ખૂબ કમજોર થઈ ગયો છું। નીચે પણ ઉતરી શકું એમ નથી!“ ચાલાક કૂકડાએ ઉત્તર આપ્યો।

કૂકડો બહુ ચાલાક છે એ શિયાળ ને સમજાયું, અને એ ત્યાંથી નીકળી ગયું।




હું નહીં કરું!

એક માણસે મુલ્લા ને પત્ર લખવા કહ્યું।
"પત્ર ક્યાં મોકલવાનો છે?" મુલ્લાએ પૂછ્યું।
"બગદાદ," માણસ બોલ્યો।
"તો માફ કરા હું બગદાદ નહીં જઈ શકું,"
મુલ્લાએ કહ્યું।



"અરે, તમારે ત્યાં જવાની કોઈ જરૂર નથી। પત્ર પહોંચશે," માણસે સમજાવ્યું।

"સાચું છે," મુલ્લાએ કહ્યું, "પણ મારા અક્ષર બગદાદ માં કોને સમજાશે? એ વાંચવા માટે મારેજ ત્યાં જવું પડશે!"



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

સાત માછલી

બહુ જૂની વાત છે। એક રાજા હતો।
એને સાત પુત્રો હતા। એક દિવસ બધા
સાત રાજકુમારો માછલી પકડવા ગયા।
દરેકે એક માછલી પકડી।

તેઓએ માછલી તડકામાં સુકવી। એક
સિવાય બાકી બધી માછલી સુકાય
ગઈ।





"માછલી, માછલી, તું કેમ સુકાતી નથી?" જે રાજકુમારે એ માછલી પકડી હતી, એણે પૂછ્યું।

"ઘાસ ના ઢગલા એ સૂર્ય ને અવરોધિત કર્યો એટલે!" માછલીએ કહ્યું।

"ઘાસ ના ઢગલા, ઘાસ ના ઢગલા! તેં સૂર્ય કેમ અવરોધીયો?"રાજ કુમારે પૂછ્યું।

"ગાય મને ખાઈ ન ગઈ એટલે!" ઢગલો બોલ્યો।

"ગાય, ગાય! તેં ઘાસ કેમ ન ખાધું?" રાજકુમારે પૂછ્યું।

"ગોવાળે મને બાંધેલી દોરી છોડી નહીં એટલે," ગાય બોલી।

"તેં દોરી કેમ ન છોડી?" રાજકુમારે ગોવાળ ને પૂછ્યું।

"દાદીએ મને ખાવાનું ન આપ્યું એટલે," ગોવાળ બોલ્યો।

"દાદીમા, દાદીમા! તમે એને જમવાનું કેમ ન આપ્યું?" એણે પૂછ્યું।

"મારો નાનો છોકરો રડતો હતો એટલે," દાદી બોલ્યા।

"નાના બાળ, નાના બાળ! તું કેમ રડતો હતો?" એણે પૂછ્યું।






"મને કીડી કરડી ગઈ!" નાના બાળકે કહ્યું।

"કીડી, કીડી, તું કેમ કરડી?" રાજકુમારે પૂછ્યું।

"મારા સોનેરી રાફડા
માં તમે આંગળી
નાંખો તો હું કરડું
નહીં શું?" કીડી
બોલી।



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

સફેદ કાગડો

ઘણા ઘણા વર્ષો પૂર્વે, કાગડા આખા સફેદ હતા, એકદમ બગલા જેવા સફેદ!



એ કાળમાં, રંગારા નું
કામ ઘુવડ કરતું હતું।




કાગડા ને થયું, પોતાની
પાંખ વાદળી હોવી જોઈએ!

એ ઘુવડ પાસે ગયો। ઘુવડે એક કટોરા માં વાદળી રંગ તૈયાર કર્યો। કાગડા ને બીજા કટોરા પર ઉભો રાખ્યો, અને એની પાંખ વાદળી રંગ માં રંગવા લાગ્યું।



એવામાં કાગડા નો પગ લપસ્યો અને
એ પેલા કટોરા માં પડયો।




જયારે કાગડો બહાર આવ્યો,
ત્યારે કોલસા જેવો કાળો થઈ
ગયો હતો!



કાગળો ચિડાઈ ગયો, અને ઘુવડ ને ચાંચ મારવા આગળ આવ્યો। પણ ઘુવડ ઝડપથી ઉડી ગયું।

ત્યારથી બધા કાગડા કાળા થઈ ગયા। હજી પણ કાગડા ને ઘુવડ ઉપર બદલો લેવાની ભાવના છે। એટલે ઘુવડ દિવસ ના ઉડતા નથી, ફક્ત રાત્રે માળા માં થી બહાર આવે છે, કેમકે અંધારામાં કાગડા ને દેખાતું નથી!





Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

કુરૂપ ચહેરો



એક દિવસ મુલ્લા એના મિત્ર સાથે રસ્તા પરથી જઈ રહ્યા હતા. એમને રસ્તા ઉપર એક ચમકતી વસ્તુ દેખાણી.

મુલ્લાએ નીચે વળીને એ વસ્તુ ઉપાડી. એ હતો એક અરીસો.

પણ ઉપાડી ને તરત એમણે એને નીચે ફેંકી દીધો.


"કેટલું કુરૂપ ચિત્ર છે! કોઈએ ફેંકી દીધું હશે. આવી કુરૂપ વસ્તુ કોણ ઇચ્છતું હોય?" એ બોલ્યા.

પત્ર

એક દિવસ મુલ્લા નસીરુદ્દીન પાસે એક માણસ વંચાવવા માટે એક પત્ર લઈને આવ્યો.


મુલ્લાએ થોડી વાર એ પત્ર જોયો.

"આ ભાષા મને આવડતી નથી,“ તેઓ બોલ્યા.



"પોતાને જ્ઞાની વિદ્વાન કહેવડાવો છો, માથે પાઘડી પહેરો છો, અને સાદો પત્ર વાંચતા આવડતું નથી?" પેલો માણસ અણગમા થી બોલ્યો.

"સારું, આ લે! મારી પાઘડી લે, અને હવે તું જ વાંચ તારો પત્ર," મુલ્લાએ કહ્યું.



બિલ્લી માસી




બિલ્લી માસી, બિલ્લી માસી
ક્યાં જઈ આવી?

મહેલ ની રાણી ને
જોઈ ને હું આવી.

બિલ્લી માસી, બિલ્લી માસી
શું મજા કરી?

ખુરશી નીચે ના ઉંદરને
ગભરાવીને હું આવી!



પતંગ, પતંગ

ઉપર ઉપર ઉપર ઉડે પતંગ
આકાશ માં જતી પતંગ
લાલ, લીલી રંગીન પતંગ
મને પણ બહુ ગમે પતંગ



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

વાદળી શિયાળ

એક શિયાળ હતું. એ અન્નની શોધમાં આખું જંગલ ફર્યું, પણ એને કંઈ પણ ખાવાનું ન મળ્યું.

એ જંગલ નજીકના ગામમાં ગયું.





ગામમાં એક મોટા પીપ માં કપડાં રંગવા માટે વાદળી રંગદ્રવ્ય ભરીને રાખ્યું હતું.

શિયાળ આકસ્મિક રીતે એ પીપ માં પડી ગયું. માથા થી પગ સુધી વાદળી રંગાઈ ગયું!

શિયાળ દોડતું દોડતું જંગલ માં આવ્યું. જંગલ ના પ્રાણીઓએ વાદળી શિયાળ ને જોયું. આ નવા પ્રાણીની તેઓને બીક લાગી. વાઘ પણ આ નવા પ્રાણીથી ડરી ગયો!

વાદળી શિયાળે પ્રાણીઓને નજીક બોલાવ્યા.




"આ જુઓ! હું એક દિવ્ય પ્રાણી છું! તમારે હું કહું તે બધું સાંભળવાનું છે. આજ થી હું તમારો રાજા!" એ બોલ્યું. બધા પ્રાણીઓએ આ માન્ય કર્યું.

થોડા દિવસો માં પૂર્ણિમા આવી. પૂર્ણ ચંદ્ર સામે જોઈ શિયાળો હૂઉઉઉ હૂઉઉઉ કરવા લાગ્યા. વાદળી શિયાળે પણ એમના સૂર માં સૂર પુરાવ્યો.

એનો અવાજ સાંભળી પ્રાણીઓ સમજી ગયા, આ તો શિયાળ છે! બધાએ મળીને એને હાંકી કાઢ્યું.

Gujarati : Sudhir Jhaveri



A Bagful of Stories


Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

સોનાના ઈંડા આપનાર બતક

કોઈ એક સમયે, એક ગામ માં એક દાદા-દાદી રહેતા હતા. એમની પાસે એક બતક હતું.



આ બતક રોજ એક સોનાનું ઈંડુ આપતું!

એક દિવસ એમના મનમાં વિચાર આવ્યો, "આ બતક રોજ એક સોનાનું ઈંડુ મૂકે છે, તો એના પેટમાં કેટલા સોનાના ઈંડા હશે!"

એમને થયું, આ બતક નું પેટ ચિરીયે, તો અંદરના બધા સોનાના ઈંડા આપણને મળશે!

તેઓએ તરત છરો લઈને બતક નું પેટ ચીર્યું.





પણ પેટ માં એક પણ ઈંડુ નહોતું. સામાન્ય બતક ની જેમ એનું શરીર હાડ-માંસ નું બનેલી હતું.

સોનાનું ઈંડુ આપનારા બતક ને મારી નાંખવા બદલ દાદા-દાદીને ખૂબ પશ્ચાતાપ થયો.

એક બે ....






એક બે એક બે
મારી પાસે તાળી લે
ત્રણ ચાર ત્રણ ચાર
મોર નાચ્યો વારંવાર
પાંચ છ પાંચ છ
પાંચ પછી આવે છ
સાત આઠ સાત આઠ
પૂરા કર્યા મારા પાઠ
નવ દસ નવ દસ
હવે આપણે કરીયે બસ!








છ નાના બતક

મને યાદ છે છ નાના બતક
કોઈ જાડું કોઈ પાતળું કોઈ ઠીંગણું
એમાંનું એક દેખાય ભલે સાદું
પીઠ પર પીછું લગાવી ચાલે સૌથી આગળ

Gujarati : Sudhir Jhaveri



A Bagful of Stories
Published by
Manchi Pustakam
12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

બગલું અને શિયાળ


એક હતું શિયાળ. એના ગળામાં હાડકાનો ટુકડો ફસાઈ ગયો. એને ખૂબ દુઃખતું હતું, પણ ફસાયેલા ટુકડા ને કાઢવા કોઈ ની મદદ મળતી નહોતી. શિયાળ એમજ વિહ્વળ થઈને જંગલ માં ફરતું હતું.




છેવટે એને એક બગલું મળ્યું.
"બગલા ભાઈ! મારા ગળા માં હાડકું
ફસાઈ ગયું છે. કૃપા કરીને એને
કાઢો, તમારો ખૂબ ઉપકાર થશે.
હું તમને એક ઇનામ પણ
આપીશ," શિયાળ બોલ્યું.

"ભલે, પ્રયત્ન કરું છું,"
બગલુ બોલ્યું.

શિયાળે મોઢું મોટું ખોલ્યું.





બગલાએ એની લાંબી ચાંચ શિયાળ ના ગળામાં નાંખી અને હાડકું બહાર કાઢ્યું.

"મારુ ઇનામ ક્યાં છે?" એણે પૂછ્યું.

શિયાળ હસવા લાગ્યું. "શિયાળ ના ગળામાં માથું નાંખીને પણ તું હજી જીવતુ છે. આજ મોટું ઇનામ છે! એના પર ખુશ રહે!" શિયાળ હસીને બોલ્યું.

ઝાડ અને સરોડું

એક ખૂબ મોટું વૃક્ષ હતું.
એની પાસે એક સરોડું હતું.

સૌમ્ય પવન ની લહેર
થી પણ સરોડું હલવા
લાગતું, ઝુલવા લાગતું.
વૃક્ષ એ માટે એને ચીડવતું.

સરોડું કંઈ બોલતું નહીં.

એક દિવસ બહુ મોટું તોફાન આવ્યું. સરોડું આગળ ઝુક્યું, પાછળ ઝુક્યું, હવા ની સાથે વળ્યું પણ તોફાન માં ટકી રહ્યું.

વૃક્ષ વળી ન શક્યું. હવા ના જોર થી એ તૂટી ને પડી ગયું.



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

લોભી ઉંદર



ઘર ના દરવાજા માં એક નાનું કાણું પડયું હતું.

એમાંથી એક ઉંદર અંદર આવ્યો. ઘરમાં એને ભરપૂર ખાવા-પીવાનું દેખાયું.

ઉંદર ખુશ થયો. પેટ ભરાય ત્યાં સુધી એણે ખાધું. ખાઈ લીધા પછી એ કાણા માંથી બહાર જવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

પણ ખાઈ-ખાઈ ને ફૂલી ગયેલા પેટ ને લીધે એ કાણાં માંથી બહાર ન જઈ શક્યો.



વાંચી શકતો ગધેડો


તાતાચારી રામલિંગાડુ નો પાડોશી હતો.

એ ઉપદ્રવી હતો. રામલિંગાડુ અને તાતાચારી ને જરાય બનતું નહીં.

એક દિવસ તાતાચારી એ રામલિંગાડુ ને પત્ર લખતા જોયો. રામલિંગાડુ પત્ર માં શું લખી રહ્યો છે એ જાણવાની એને ઉત્સુકતા થઈ.


એ ધીમેથી રામલિંગાડુ ની પાછળ જઈને ઉભો રહ્યો અને ડોક લંબાવીને પત્ર વાંચવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

રામલિંગાડુ ને એની ગંધ આવી.



રામલિંગાડુ એ જાણી જોઈને લખ્યું: "મારી પાછળ એક ગધેડો છે. બીજાના પત્રો વાંચવાની એને આદત છે. મારે પત્રમાં ઘણી વાતો લખવી છે, પણ આ વાતો ગધેડા ને ખબર પડે એ સારું નહીં. એટલે હું એ લખતો નથી." એમ લખીને એણે પત્ર પૂરો કર્યો.

તાતાચારી એ આ બધું વાંચ્યું. એ ગુસ્સા થી લાલ થઈ ગયો, પણ કરે શું? એણે શાંતિ થી ત્યાંથી પોબારા ગણ્યા.



ચાલો કરો!





લંગડી કરો
કૂદકા મારો
એક, બે ત્રણ





થોડું દોડો
થોડું કૂદો
ઘૂંટણ ને હાથ લગાવો





થોડું ઝૂકો
અંગ તાણો
માથું ગોળ ફેરવો





બગાસું ખાતા
આંખ મીચો
ગાઢ તમે સૂવો

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

પૂંછડી ની સમસ્યા

એક હતો ઉંદર. એને ચાર પૂંછડી હતી. એ પોતાની પૂંછડીઓ પર મોહિત હતો, પણ બીજા ઉંદર એને ચીડવતા."ચાર પૂંછડી વાળો ઉંદર! ચાર પૂંછડી વાળો ઉંદર!"





છેવટે એણે એક વૃદ્ધ ઉંદર ને પોતાની એક પૂંછડી કાપી નાખવાનું કહ્યું. "જરૂર!" વૃદ્ધ ઉંદર બોલ્યો અને એણે ઉંદરની એક પૂંછડી કાપી નાંખી. હવે ચાર પૂંછડી વાળા ઉંદર ની ત્રણ જ પૂંછડીઓ બાકી રહી.




હવે બીજા ઉંદર એને ચીડવવા લાગ્યા "ત્રણ પૂંછડી વાળો ઉંદર! ત્રણ પૂંછડી વાળો ઉંદર!"

એ પાછો પેલા વૃદ્ધ ઉંદર પાસે ગયો અને પોતાની ત્રણ પૂંછડીઓ માં થી એક પૂંછડી કપાવી નાંખી.






હવે એને બે પૂંછડીઓ વધી. તો પણ બાકી ઉંદરોએ એને ચીડવવાનું બંધ ન કર્યું. "બે પૂંછડી વાળો ઉંદર! બે પૂંછડી વાળો ઉંદર!"




ઉંદરે પોતાની હજી એક પૂંછડી કપાવી લીધી. તો પણ બાકી ઉંદરોએ એને ચીડવવાનું બંધ ન કર્યું.



"એક પૂંછડી વાળો ઉંદર! એક પૂંછડી વાળો ઉંદર!"

એમનું ચીડવવાનું સહન ન થતા, ઉંદરે પોતાની છેલ્લી પૂંછડી પણ કપાવી નાંખી. એને લાગ્યું - હવે તો બાકી ઉંદર એને ચીડવવાનું બંધ કરશે!

પણ હવે તેઓ ચીડવવા લાગ્યા "પૂંછડી વગર નો ઉંદર! પૂંછડી વગર નો ઉંદર!"




A Bagful of Stories
Published by
Manchi Pustakam

Gujarati : Sudhir Jhaveri

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

બાપુ... વાઘ આવ્યો!


એક ગામ માં એક છોકરો રહેતો હતો. એ રોજ એના ઘેટાં ને જંગલ માં ચરાવવા લઈ જતો.



એક દિવસ એને બધા ની ટીખળ કરવાનું મન થયું. "બાપુ...વાઘ! વાઘ આવ્યો વાઘ!" એ બૂમો પાડવા લાગ્યો.

એના પિતા અને બાકી અનેક લોકો કામ છોડી ને દોડતા આવ્યા. "ક્યાં છે વાઘ?" એના પિતાએ પૂછ્યું.

છોકરો હસવા લાગ્યો. "વાઘ બાઘ કંઈ નથી બાપુ! મેં તમારી મશ્કરી કરી!"






થોડા દિવસો પછી એણે પાછું એવું જ કર્યું. "બાપુ...વાઘ આવ્યો! એ ઘેટું ખાઈ રહ્યો છે!" એણે બૂમ પડી. પાછા અનેક માણસો દોડતા આવ્યા.

"હું તો મશ્કરી કરતો હતો," છોકરો બોલ્યો. છોકરા ને ઠપકો આપી, સમજાવી બધા પોતપોતાના કામે પાછા ફર્યા.

એક દિવસ સાચેજ વાઘ આવ્યો! "બાપુ...વાઘ આવ્યો! જલ્દી આવો!" છોકરો ગભરાઈને બૂમ પાડવા લાગ્યો.

"એના તરફ બિલકુલ ધ્યાન નહીં આપતા. એ ખોટું નાટક કરે છે," લોકો બોલ્યા. કોઈ પણ એની હાકલ સાંભળીને દોડીને ન આવ્યું.

વાઘ એનું ઘેટું લઈને જંગલ માં નાસી ગયો.



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


મરઘી અને સોય

ઘણા વર્ષો પૂર્વે મરઘી અને ગરુડ મિત્ર હતા. એ બંને હંમેશા સાથે રહેતા.

એકવાર ગરુડ ને દૂર એના ઘરે જવાનું થયું. જતી વખતે એણે મરઘી ને એક સોય આપી.

"આ સોય તારી પાસે રાખ. હું પાછો આવું ત્યારે તારી પાસેથી લઈશ," ગરુડ બોલ્યું.





મરઘીએ સોય એના પીંછા માં સાચવીને રાખી, પણ ધાન શોધવામાં ક્યાંક પડી ગઈ. ખૂબ શોધી તો પણ મરઘી ને સોય મળી નહીં.

ગરુડ પાછું આવ્યું. એણે સોય વિષે મરઘી ને પૂછ્યું. "સોય પડી ગઈ," મરઘી ઉદાસ થઈને બોલી.

ગરુડ નારાજ થઈ ગયું. એણે મરઘીને તત્કાળ સોય શોધવા કહ્યું. "તું સોય શોધીને લાવીશ નહીં ત્યાં સુધી હું તારા બચ્ચાને ખાયા કરીશ!" ગરુડે ધમકી આપી.

ત્યારથી મરઘી અને ગરુડ એકબીજાના શત્રુ થઈ ગયા. ગરુડ સતત મરઘી ના બચ્ચા ને ઉપાડી જવાનો મોકો જોતું હોય, અને મરઘી એને ભગાડી દેવાનો પ્રયત્ન કરતી હોય.



મરઘીએ સોય ગોતવા એના સગાંવહાલાંઓ ની મદદ લીધી. ચાંચથી, નખથી હજી પણ મરઘાં સોય શોધતા ફરતા હોય છે.

મને સંભળાય મેઘગર્જના


મને સંભળાય મેઘગર્જના,
મને સંભળાય મેઘગર્જના.

ઓહ તને નહીં?
ઓહ તને નહીં?

ટપ ટપ ટપ ટપ વર્ષા ના ટીપાં
ટપ ટપ ટપ ટપ વર્ષા ના ટીપાં

હું ભીંજાઈ ગઈ,
હું ભીંજાઈ ગઈ.

Gujarati : Sudhir Jhaveri




A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


કંજૂસ

એક કંજૂસ માણસ હતો. એણે પોતાની પાસેનું બધું સોનુ એક પટારામાં રાખ્યું અને પટારો માટીમાં ખાડો ખોદી ને છુપાવીને રાખ્યો. રોજ કોઈ જોતું નથી એમ ચોકસાઈ કરીને પટારો કાઢતો, અને પોતાનો ખજાનો જોતો બેસી રહેતો. ખજાનો જોઈને એને ખૂબ આનંદ આવતો.

એક માણસે એને એમ કરતા જોઈ લીધો.



એ માણસે રાતના એ પટારો ચોરી લીધો. બીજે દિવસે કંજૂસ માણસ આવ્યો અને જોયું તો પટારો ગાયબ!



સોનુ ચોરાઈ ગયું એથી એ રડવા લાગ્યો.

"ચોરાઈ ગયેલા સોના માટે રડે છે શું કામ? આમપણ તું એ સોનાનો કંઈ ઉપયોગ કરતો ન હતો. ખાડા તરફ જોઈ ને ખુશ રહે! સોનુ શું અને માટી શું, તારા માટે સરખુંજ છે!" એના પાડોશી એ કહ્યું.




ખીર

એક શ્રીમંત વેપારીએ ઉજાણી રાખી. મુલ્લા નસીરુદ્દીન ને પણ આમંત્રણ હતું. ઉજાણીમાં બધાને વાટકી માં ખીર આપવામાં આવી. ખીર ખાવા માટે બધાય ને એકદમ નાની ચમચી આપી હતી. ફક્ત વેપારી માટે મોટો ચમચો હતી.

દરેક કોળિયો લેતા વેપારી જીભ થી ચાટી ને બોલતો, "વાહ, વાહ! આટલી સ્વાદિષ્ટ ખીર માટે કોઈ પણ પોતાનો જીવ આપતા અચકાય નહીં!"

નાની ચમચી ને લીધે બાકી ના લોકો ન તો ખીર ને ચાખી શકતા કે ન સરખી રીતે ખાઈ શકતા.

મુલ્લા નારાજ થયા. "સાહેબ, જરા મોટો ચમચો આપશો કે? અમારે પણ ખીર ઉપર અમારા જીવની કુરબાની આપવી છે!" એણે કહ્યું.



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam
12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

ગુપ્ત ખજાનો


એક સમય ની વાત છે. એક ખેડૂત હતો. એને ત્રણ દીકરા હતા. ત્રણેય બહુ આળસુ હતા.

દિવસભર ખાવું અને સૂવું એટલુંજ એમને ખબર હતી.




એકવાર ખેડૂત માંદો પડયો. એણે એના પુત્રો ને પથારી પાસે બોલાવ્યા. "બેટા, મેં આપણા ખેતરમાં ધન થી ભરેલી પેટી ક્યાંક સંતાડી ને રાખી છે, પણ ક્યાં એ યાદ નથી," એણે ઉદ્દગાર કાઢ્યો.

બાપુની નિષ્કાળજી પર ગુસ્સે થતાં દીકરાઓએ આખું ખેતર ખેડી નાંખ્યું.



એમને કોઈ ધન ન મળ્યું અને એમણે એવું બાપુ ને કહ્યું. એ હસીને બોલ્યા, "ભલે, હમણાં નહીં તો જલ્દી મળશે."

ખેતર અનાયાસે ખેડેલું હતું, તો હવે વાવેતર પણ કરીયે એવું દીકરાઓએ વિચાર્યું.



ખેતર માં બહુ જલ્દી સરસ ફસલ આવી અને એ વેચીને બાળકો ને ઘણા પૈસા મળ્યા. બાપુએ છોકરાઓને ખેતરમાં આ જ ખજાનો હતો એમ કહ્યું!



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

ભૂત

એકવાર એક માણસ મુલ્લા નસરુદ્દીન પાસે સલાહ માંગવા આવ્યો.



"મને રોજ સ્વપ્નું આવે છે, કે મારા પલંગ નીચે ભૂત છે. પણ હું ઉઠીને જોઉં છે તો કંઈ નથી હોતું. એ પછી મને જરાય ઊંઘ આવતી નથી," એ ઉદાસ થઈને બોલ્યો.

"તારી સમસ્યા ના નિવારણ માટે તેં શું પ્રયત્ન કર્યો?" મુલ્લાએ પૂછ્યું.

"હું હકીમ પાસે ગયો," એણે ઉત્તર આપ્યો.

"પછી હકીમે શું કહ્યું?" મુલ્લાએ પૂછ્યું.

"એણે મારો ઈલાજ કરવાના સો દીનાર માંગ્યા," માણસે કહ્યું.

"સો દીનાર! આટલી નાની સમસ્યા માટે! એના કરતા મને પાંચ દીનાર આપ, હું તારો ઈલાજ કરીશ," મુલ્લાએ કહ્યું.

એ માણસે તરત પાંચ દીનાર મુલ્લાને આપ્યા અને કહ્યું, "આ લો, ઉપાય બતાવો."

મુલ્લાએ એ માણસ ના પલંગ ના પાયા કપાવી નાંખ્યા. "હવે ભૂત પલંગ નીચે જઈજ નહીં શકે!" એણે કહ્યું.





વૃદ્ધ માણસનું ખેતર હતું

વૃદ્ધ માણસનું ખેતર હતું ખેતરમાં બતક હતા
ક્વેક ક્વેક ક્વેક ક્વેક કરતા હતા
અહીં ક્વેક ક્વેક ત્યાં ક્વેક ક્વેક
અહીં તહીં ક્વેક ક્વેક

વૃદ્ધ માણસનું ખેતર હતું
ખેતરમાં ડુક્કર હતું
ઓઈંક ઓઈંક ઓઈંક
ઓઈંક કરતુ હતું
અહીં ઓઈંક ઓઈંક
ત્યાં ઓઈંક ઓઈંક
અહીં તહીં ઓઈંક ઓઈંક



વૃદ્ધ માણસનું ખેતર હતું
ખેતરમાં ગાય હતી
હમ્મા હમ્મા કરતી હતી
અહીં હમ્મા હમ્મા
ત્યાં હમ્મા હમ્મા
અહીં તહીં હમ્મા હમ્મા





વૃદ્ધ માણસનું ખેતર હતું
વૃદ્ધ માણસનું ખેતર હતું
વૃદ્ધ માણસનું ખેતર હતું હો!

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

પીપ નું મૃત્યુ




તાતાચારી અને રામલિંગાડુ પાડોશી હતા. તાતાચારી સ્વભાવે ખૂબ કંજૂસ હતો અને લોભી પણ.

એક દિવસ રામલિંગાડુને એક નાના પીપ ની જરૂર પડી. તાતાચારી પાસે પીપ હોય તો લઈ આવું એમ વિચારીને એ તાતાચારી ના ઘરે ગયો.

"દિવસના બે રૂપિયા પીપનું ભાડું આપવું પડશે. ઠીક છે ને?" તાતાચારીએ પૂછ્યું. બિચારા રામલિંગાડુને આ શરત માનવી પડી.

ચાર દિવસ પછી રામલિંગાડુ પીપ પાછું આપવા આવ્યો. એના હાથમાં એક નાનો ચંબૂ પણ હતો. "તારા પીપે આ ચંબૂ ને જન્મ આપ્યો. લે!" ચંબૂ તાતાચારી ને આપતા એ બોલ્યો.


તાતાચારીએ આનંદથી ચંબૂ લીધો અને કંઈ ન બોલતા ઘર માં જતો રહ્યો.




થોડા દિવસો
પછી રામલિંગાડુ
એક અઠવાડિયા
માટે તાતાચારી નું
પીપ લઈ ગયો.

બરાબર એક અઠવાડિયા પછી એ ખાલી હાથે તાતાચારી પાસે ગયો અને ઉદાસ ચહેરે બોલ્યો, "તાતાચારી, તારા પીપનું મૃત્યુ થયું છે."

"પીપ કેવી રીતે મરી શકે? આ તો ફસવણી છે!" તાતાચારીએ ખિજાઈને કહ્યું.



"પીપ જો ચંબૂ ને જન્મ આપી શકે, તો મરી કેમ ન શકે?" રામલિંગાડુએ પૂછ્યું. તાતાચારી કંઈ જવાબ ન આપી શક્યો!

Gujarati : Sudhir Jhaveri


A Bagful of Stories
Published by
Manchi Pustakam


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

હાથી અને કૂતરો

એક હતો રાજા. એની પાસે એક હાથી હતો. હાથીની દેખભાળ એક મહાવત કરતો હતો.

મહાવત નો એક પાળેલો કૂતરો હતો. કૂતરો હંમેશા મહાવત સાથે બધે જતો હતો.







હાથી અને કૂતરો સાથે જમતા, રમતા. તેઓની પાક્કી દોસ્તી થઈ ગઈ હતી. હાથી રોજ કૂતરાની રાહ જોતો.

એકવાર મહાવતને પૈસાની જરૂર પડી. એણે કૂતરો એક શ્રીમંત વેપારીને વેચ્યો. કૂતરા નું દિલ ભાંગી પડયું, પણ હવે નવા માલિક સાથે જવાનું એના ભાગ્ય માં હતું.

હાથી ને કુતરા ની બહુ યાદ આવતી હતી. એણે અન્ન પાણી છોડી દીધા. કોઈને પણ એનું કારણ સમજાતું નહોતું.

વૈદે હાથી ને તપાસ્યો. "હાથી ને કોઈ પણ રોગ થયો નથી. એને કોઈક ની યાદ આવે છે," વૈદે કહ્યું.





"એની સાથે રમનાર ગોઠિયો, કૂતરો ક્યાં છે? એને ત્વરિત લઈ આવો." રાજાએ હૂકમ કર્યો.

રાજા ની આજ્ઞા સાંભળી શ્રીમંત વેપારી એ તરત કૂતરા ને છોડી દીધો. કૂતરો તાબડતોબ હાથી પાસે દોડતો ગયો.

એકબીજા ને જોઈ બંને ને ખૂબ આનંદ થયો, અને આનંદથી નાચવા લાગ્યા.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tamaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

કાતરો અને ગબડો ...

એક કોળાની વેલ છત સુધી પહોંચી.

એ જલ્દી ખડતલ અને મજબૂત થઈ ગઈ, અને એમાં ઘણા બધા કોળા લાગ્યા.

એ નળિયાવાળી છત એક ઉંદર નું ઘર પણ હતી, જે ત્યાં મજેથી રહેતો હતો.




લીલુંછમ ઘાસ ઘર ની આસપાસ ઉગ્યું હતું.

એક યુવાન બકરી ઘાસ ખાવા આવી. એજ વખતે ઉંદરે એક કોળાની દાંડી ને કાપી –'કાતરો'.

કોળું સરક્યું અને ગબડીને બકરી ઉપર પડયું એક મોટા અવાજ સાથે 'ધમ્મ'. બકરી જોરથી બેં બેં કરવા લાગી.

ત્યારથી, "કાતરો, સરકો, ગબડો અને ધમ્મ" એક કહેવત બની ગઈ છે.




ગધેડો અને સિંહ

એક દિવસ એક સિંહ એક ગધેડા ને શિકાર કરવા પોતાની સાથે લઈ ગયો.

"હે ગધેડા, તારો અવાજ કેટલો મોટો છે. જંગલ માં બને એટલા મોટા અવાજમાં ભૂંક. તારા ભૂંકવાના અવાજ થી જાનવરો અહીં-તહીં ભાગશે અને હું એમનો શિકાર કરીશ," સિંહે ગધેડા ને કહ્યું.

ગધેડાએ એમજ કર્યું.




ગધેડો જેવો ભૂંકવા લાગ્યો, જાનવરો મૂંઝવણમાં અહીં-તહીં ભાગવા લાગ્યા.

સિંહે એમનો શિકાર કર્યો. "તું કેટલું સરસ ભૂંક્યો," સિંહે ગધેડાના વખાણ કર્યા.

ત્યારથી ગધેડા બધાની પ્રશંસા મેળવવા જોરથી ભૂંકે છે.

Gujarati : Sudhir Jhaveri



A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions



નામ ભૂલી ગયેલી માખી

તહેવારના દિવસે એક માખી જમીન ઉપર છાણાં નો લેપ કરી રહી હતી. કામ કરતા કરતા એ એનું નામ ભૂલી ગઈ.

"મારુ નામ શું?" વ્યાકુળ થઈને બધાને પૂછતી ઉડવા લાગી.


એને ઝાડ નીચે બેઠેલા પેદારાસી પેડમ્મા દેખાણા. એણે પૂછ્યું, " પેદારાસી પેડમ્મા, પેદારાસી પેડમ્મા, મારુ નામ શું?"

"મને ખબર નથી. જા મારા દીકરાને પૂછ." પેડમ્મા બોલ્યા. પછી માખી ગઈ પેડમ્માના દીકરા પાસે.



"પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, મારુ નામ શું?" એણે પૂછ્યું.

"મને નથી ખબર. જા મારા હાથની કુહાડી ને પૂછ." એ બોલ્યો.





પછી માખી ગઈ કુહાડી પાસે અને બોલી, "પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, મારુ નામ શું?"

"મને નથી ખબર. જા, મેં જે ઝાડ કાપ્યું એ ઝાડ ને પૂછ," કુહાડીએ કહ્યું.

માખી ગઈ ઝાડ પાસે. "પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, કુહાડીએ કાપેલા ઝાડ, મારુ નામ શું?"

"મને નથી ખબર. જા, મારી ડાળીઓ ઉપર બેઠેલા પક્ષીઓ ને પૂછ," ઝાડે કહ્યું.

પછી માખી ગઈ ડાળીઓ પર બેઠેલા પક્ષીઓ પાસે.



"પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, કુહાડીએ કાપેલું ઝાડ, ઝાડ પરના પક્ષી, મારુ નામ શું?" એણે પૂછ્યું.

"મને નથી ખબર. હું જ્યાં પાણી પીઉં છું એ તળાવને પૂછ," પક્ષી બોલ્યું.



"પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, કુહાડીએ કાપેલું ઝાડ, ઝાડ પરના પક્ષી, પક્ષી જ્યાં પાણી પિયે છે એ તળાવ, મારુ નામ શું?" એણે પૂછ્યું.

"મને નથી ખબર. મારામાં તરતી માછલી ને પૂછ," તળાવ બોલ્યું.

"પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, કુહાડીએ કાપેલું ઝાડ, ઝાડ પરના પક્ષી, પક્ષી જ્યાં પાણી પિયે છે એ તળાવ, તળાવની માછલી, મારુ નામ શું?"

"મને ખબર નથી. મને પકડવાની કોશિશ કરતા બાળકને પૂછ," માછલીએ કહ્યું.

"પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, કુહાડીએ કાપેલું ઝાડ, ઝાડ પરના પક્ષી, પક્ષી જ્યાં પાણી પિયે છે એ તળાવ, તળાવની માછલી, માછલી પકડવાવાળા બાળક,મારુ નામ શું?"




"મને નથી ખબર. હું સવારી કરું છું એ ઘોડા ને પૂછ," બાળકે કહ્યું.



"પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, કુહાડીએ કાપેલું ઝાડ, ઝાડ પરના પક્ષી, પક્ષી જ્યાં પાણી પિયે છે એ તળાવ, તળાવની માછલી, માછલી પકડવાવાળા બાળક, બાળકના ઘોડા, મારુ નામ શું?"

"મને નથી ખબર. મારા પેટમાંના બાળક ને પૂછ," ઘોડો બોલ્યો.

"પેદારાસી પેડમ્મા, પેડમ્માના દીકરા, દીકરાની કુહાડી, કુહાડીએ કાપેલું ઝાડ, ઝાડ પરના પક્ષી, પક્ષી જ્યાં પાણી પિયે છે એ તળાવ, તળાવની માછલી, માછલી પકડવાવાળા બાળક, બાળકના ઘોડા, ઘોડાના પેટમાં રહેલા બાળક, મારુ નામ શું?"



"તારું નામ... તારું નામ... મ... મ... મા..." બાળક તોતડું બોલવા લાગ્યું.


"અરે બરાબર છે! મારુ નામ માખી!" અને માખી આનંદથી ઘર તરફ ઉડી ગઈ.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

કુદરત ની અજાયબી



ઉનાળાના બપોરની ગરમી હતી.

બદામના ઝાડ નીચે એક ખેડૂત આરામ કરતો હતો. એની સામે તરબૂચ ની વેલ હતી. વેલ ઉપર મોટા મોટા તરબૂચ લાગેલા તેણે જોયા. અને બદામ ના ઝાડ માં નાની નાની બદામ લાગેલી જોઈ.



"આટલી નાજૂક વેલમાં આટલા મોટા તરબૂચ, અને આટલા મોટા ઝાડમાં આટલી નાની બદામ!" એ ચકિત થયો.

એજ વખતે એના માથા ઉપર એક બદામ પડી.

"જો બદામનું ફળ તરબૂચ જેટલું મોટું હોત, તો હમણાં મારુ શું થાત! ખરેખર, કુદરતની અજાયબી ગજબ છે!" એણે આનંદિત થઈને વિચાર કર્યો.

કરીને જુઓ


મુલ્લા નસીરુદ્દીન ઘરની છત પર સમારકામ કરવા ચઢ્યા અને અચાનક ચક્કર આવવાથી નીચે પડયા.

બધા પાડોશી ત્યાં ભેગા થયા.



"શું થયું મુલ્લા?" એકે પૂછ્યું. "મુલ્લા, ચક્કર આવ્યા?" બીજાએ પૂછ્યું. "હવે કેવું લાગે છે?" હજી એકે પૂછ્યું.

"તમારા પ્રશ્નો થી મારો જીવ ન લ્યો. ઉપર ચઢો અને મારી જેમ નીચે પડો, બધા જવાબ આપોઆપ મળશે," મુલ્લાએ જવાબ આપ્યો.



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions



મારું કુટુંબ

મારું નામ કલ્પના છે.
હું સાત વર્ષની છું.
હું સ્કૂલમાં જાઉં છું.
હું બીજા વર્ગ માં છું.


મને ગાયન ગાવા ગમે છે.
હું ઘણી રમત રમું છું.
મને ચિત્ર બનાવવા ખૂબ ગમે છે.

મારા નાના ભાઈ નું નામ છે વિનોદ.

એ ચાર વર્ષ નો છે. એ હંમેશા રમતો હોય.
એ બહુ મીઠું બોલતો હોય. એ મારી સાથે
સ્કૂલ માં આવવા બહુ આતુર છે.

ઉનાળાની રજા પછી વિનોદ પણ સ્કૂલ જશે.
પછી અમે બંને સાથે સ્કૂલ જઈશું.





મારા પિતાજી નું નામ છે રંગા રાવ. બધા એને રંગા કહીને બોલાવે છે.

હું કયારેક ક્યારેક એમની સાથે ખેતર માં જાઉં છું. તેઓ મને જાતજાતના પક્ષી, કીડા, ફૂલ, ફળ બતાવે છે.

મારી માઁ નું નામ છે સુશીલઅમ્મા. તેઓ મને ગાતા શીખવાડે છે. મને અને મારા ભાઈને જમાડે છે.

મારી માઁ અને પિતાજી ખેતર માં કામ કરે છે. તેઓ ખેતર માં ધાન ઉગાડે છે.

અમારા ગમાણ માં ગાય અને ભેંસ છે.

વાછડાં અહીં-તહીં દોડા-દોડ કરતા હોય છે.
મારો ભાઈ અને હું એને ચારો નાંખતા
હોઈએ છીયે.

એમના ગળામાં અમે ઘંટડી બાંધીયે છીયે.
અમને એ ઘંટડીઓનો મંજુલ અવાજ ખૂબ
ગમે છે.



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

શિયાળ અને સારસ

શિયાળ અને સારસ મિત્ર હતા.

"મિત્ર, મારે ઘરે જમવા આવ," એમ બોલીને શિયાળે સારસને ઘરે જમવા બોલાવ્યું.



શિયાળે ખીર બનાવી અને રકાબી માં કાઢી ને સારસ સામે રાખી. સારસે પોતાની લાંબી ચાંચ થી રકાબી માં થી ખીર ખાવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ એ ચાખી પણ ન શક્યું.

શિયાળે રકાબી માં ની ખીર ચાટીને ખાઈ લીધી. "મિત્ર, અરે આમ ખાવાની હોય," એમ બોલતા એણે બધી ખીર ખાઈ લીધી. "ગુસ્સે ન થતો મિત્ર, જમવા માટે બીજું કંઈ બનાવ્યું નથી," શિયાળ બોલ્યું.

"ઠીક છે મિત્ર. પણ હવે તારે જલ્દી મારે ઘરે જમવા આવવાનું છે," સારસ બોલ્યું.




થોડા દિવસો પછી શિયાળ સારસ ને ઘરે જમવા ગયું. સારસે માછલી ની કઢી બનાવી ને એક સાંકડા મોઢાના વાસણમાં ભરી.

શિયાળ વાસણ ને ગોળ-ગોળ ફર્યું. વાસણ ચાટ્યું, સૂંઘયું. વાસણ ના સાંકડા મોઢામાં શિયાળ નું મોઢું જઈ ન શક્યું. તે એક પણ કોળિયો ખાઈ ન શક્યું.

"અરે મિત્ર, આ જો આમ ખવાય," એમ બોલતા સારસે પોતાની લાંબી ચાંચ વાસણ માં નાખી અને બધી કઢી પી ગયું. "ગુસ્સે ન થતો, પણ ઘર માં ખાવા માટે બીજું કંઈ નથી."

શિયાળ ખિજાયું. મિજબાની ની આશા થી આવેલું શિયાળ ભૂખ્યું જ પાછું ગયું. ત્યારથી શિયાળ અને સારસ ની મૈત્રી તૂટી, કાયમ માટે .



તાળી પાડો



તાળી પાડો, તાળી પાડો, જોરથી તાળી પાડો
સંગીત સાંભળો, સંગીત સાંભળો, જોરથી તાળી પાડો.

પગ પછાડો, પગ પછાડો, તાલ માં પગ પછાડો
સંગીત સાંભળો, સંગીત સાંભળો, તાલ માં પગ પછાડો.



ગોળ ફરો, ગોળ ફરો, ઘૂમો ગોળ ફરો
સંગીત સાંભળો, સંગીત સાંભળો, ઘૂમો ગોળ ફરો.

ફૂદકા મારો, ફૂદકા મારો, ઊંચા ફૂદકા મારો
સંગીત સાંભળો, સંગીત સાંભળો, ઊંચા ફૂદકા મારો.

તાળી પાડો, તાળી પાડો, જોરથી તાળી પાડો
સંગીત સાંભળો, સંગીત સાંભળો, જોરથી તાળી પાડો.

Gujarati :
Sudhir Jhaveri






A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


મૂળો

એક દાદાએ ખેતર માં મૂળો વાવ્યો. મૂળા નો રોપો વધ્યો, ખૂબ મોટો થયો. મૂળો કાઢવા માટે ખેડૂત છોડને માટીમાંથી ખેંચવા લાગ્યો, પણ છોડ બહાર ન આવ્યો. એણે દાદીને અવાજ કર્યો.



દાદીએ દાદા ને પકડયા, દાદાએ મૂળાના રોપાને અને બંને મળીને ખેંચવા લાગ્યા, ખેંચવા લાગ્યા. તો પણ મૂળો બહાર ન આવ્યો. પછી દાદીએ પૌત્રી ને બોલાવી.

પૌત્રીએ દાદીને પકડયા, દાદીએ દાદાને, અને દાદાએ મૂળાના રોપાને. ત્રણેય મળીને ખેંચવા લાગ્યા, ખેંચવા લાગ્યા. તો પણ મૂળો બહાર ન આવ્યો. એટલે પૌત્રીએ કૂતરા ને બોલાવ્યો.



કૂતરાએ પૌત્રીને પકડી, પૌત્રીએ દાદીને, દાદીએ દાદાને, અને દાદાએ મૂળાના રોપાને. ચારેય મળીને ખેંચવા લાગ્યા, ખેંચવા લાગ્યા. તો પણ મૂળો બહાર ન આવ્યો. પછી કૂતરાએ બિલાડીને બોલાવી.

બિલાડીએ કૂતરાને પકડયો, કૂતરાએ પૌત્રીને, પૌત્રીએ દાદીને, દાદીએ દાદાને, અને દાદાએ મૂળાના રોપાને. બધા મળીને ખેંચવા લાગ્યા, ખેંચવા લાગ્યા. તો પણ મૂળો બહાર ન આવ્યો. પછી બિલાડીએ ઉંદરને બોલાવ્યો.

ઉંદરે બિલાડીને પકડી, બિલાડીએ કૂતરાને, કૂતરાએ પૌત્રીને, પૌત્રીએ દાદીને, દાદીએ દાદાને, અને દાદાએ મૂળાના રોપાને. બધા મળીને ખેંચવા લાગ્યા, ખેંચવા લાગ્યા. છેવટે મૂળો બહાર આવ્યો!




તરસ્યો કાગડો



કાગડાને તરસ
લાગી. એને એક પાણી
ભરેલો ઘડો દેખાયો.



પણ પાણી એકદમ
તળિયે હતું.
ત્યાં પહોંચવું કેમ?



કાગડાને નજીક પડેલા
કાંકરા દેખાયા. એણે એક એક
કરીને બધા કાંકરા ઘડામાં
નાંખ્યા.





જેમ જેમ કાંકરા ઘડામાં
નીચે પડતા ગયા તેમ તેમ
પાણી ઉપર આવવા લાગ્યું.
કાગડાએ મન ભરીને પાણી
પીધું અને ઉડી ગયો.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam



12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

તોફાની છોકરો

એક દિવસ બીરબલ ને દરબારમાં આવવામાં ખૂબ મોડું થયું. મહારાજ અકબરે એ બાબત પૂછતાં બીરબલ બોલ્યા, "મહારાજ, હું મારા બાળક ને મનાવી રહ્યો હતો."

"એમાં શું મુશ્કેલી છે?" અકબરે પૂછ્યું.

"મહારાજ, તમે પ્રત્યક્ષ અનુભવ લઈને જુઓ. થોડી વાર તમે મારા પિતા છો એવું નાટક કરીયે," બીરબલે સુચવ્યું.અકબર તૈયાર થયા.







બીરબલ થયા નાના બાળક, અને અકબર તેના પિતા.

બીરબલે થેલી માંગી, પછી ખાવાનું માંગ્યું, રમવા રમકડાં માંગ્યા. અકબરે એના નોકરોને બધું લાવવા કહ્યું.

પછી બીરબલે સાચો હાથી માંગ્યો. અકબરે નોકરોને એ પણ લાવવા કહ્યું.

"આ હાથીને આ થેલી માં નાંખો," બીરબલે કહ્યું. અકબર રમકડાંનો હાથી થેલી માં નાંખવા જતા હતા ત્યાં બીરબલે બૂમ પાડી, "ના ના એ નહીં! સાચો હાથી થેલી માં નાંખો." અને બીરબલ રડવા લાગ્યો.





અકબર બીરબલ સાથે સંમત થયા. "બરાબર છે તમારું. બાળક ને સમજાવવું ખરેખર બહુ અઘરું કામ છે!" એમણે માન્ય કર્યું.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories


Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in, Ph.: 94907 46614, Illustrations: S. Pavani, Printed at Charita Impressions

મીઠાઈ ની વાસ અને નાણાં નો ખણખણાટ

સોમા શર્મા ગરીબ પણ હતો અને ભોળો પણ. એકવાર એ શહેર ગયો. ત્યાં એણે એક મીઠાઈ ની દુકાન જોઈ.




દુકાનમાં જલેબી, પેઠા, ગુલાબજાંબુ એવી અનેક મીઠાઈઓ હતી. એ જોઈ સોમાના મોઢામાં પાણી છૂટ્યું. મીઠાઈ ખરીદવાના પૈસા નહોતા, એટલે સોમા દૂરથી મીઠાઈ ને જોતો ઉભો રહ્યો.

દુકાનદારે સોમાને જોયો અને એ એનાપર ખિજાયો, "કેમ ભાઈ! અહીં અમારી મીઠાઈ ની વાસ લેતો ઉભો છે, એ પણ મફત! ચાલ પૈસા કાઢ ચુપચાપ." આ સાંભળી સોમા હેબતાઈ ગયો.



રામન્ના પાસેથી પસાર થઈ રહ્યો હતો. એણે દુકાનદાર જે બોલ્યો એ સાંભળ્યું. "એકદમ યોગ્ય અને સાચું બોલો છો," રામન્નાએ દુકાનદાર ને કહ્યું.


"સોમા શર્મા ગરીબ છે, એટલે એનું દેવું હું ચૂકવીશ."



દુકાનદાર આનંદિત થઈને તૈયાર થયો. રામન્નાએ એની નાણાંની થેલી દુકાનદાર સામે ખણખણાવી. પૈસા નો ખણખણાટ સંભળાયો.

"સોમા શર્માએ મીઠાઈની વાસ લીધી એટલે એ તારો દેણદાર થયો. હવે તેં મારા નાણાં નો ખણખણાટ સાંભળ્યો, એટલે એ દેવું ચૂકતે થયું," રામન્નાએ ઠાવકાઇ થી કહ્યું.

દુકાનદારને પોતાના વર્તનની શરમ આવી.



Gujarati :
Sudhir Jhaveri


A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

દેશી ઉંદર અને શહેરી ઉંદર

એકવાર શહેર માં રહેતો ઉંદર દેશમાં રહેતા ઉંદર ને મળવા ગયો. દેશી ઉંદરે એની પાસેના ઘઉં, લીલા ચણા, ચોખા અને બીજા અન્ય ધાન શહેરી ઉંદર ને ખાવા આપ્યા.

ધાન્ય ખાઈને શહેરી ઉંદર બોલ્યો, "તમે દેશી લોકો આવા ધાન્ય ખાઓ છો એટલે આવા પાતળા છો. શહેરમાં અમારી પાસે અનેક પકવાન હોય." એમ બોલીને એણે દેશી ઉંદરને શહેર આવવાનું આમંત્રણ આપ્યું.




તદનુસાર એક દિવસ દેશી ઉંદર શહેરી ઉંદર ને મળવા શહેર ગયો.

રસોડામાં ખીર નો વાટકો રાખ્યો હતો. બંને ઉંદર ખીર ખાવા જતા હતા એટલામાં એક બિલાડી એમની ઉપર કૂદી.


બંને જેમતેમ બચ્યા. દિવસભર બંને એના દરમાં છુપાઈ ને રહ્યા.





રાત થઈ. શહેરી ઉંદર દેશી ઉંદર ને ચુપચાપ એક ઘર માં લઈ ગયો. ડાઇનિંગ ટેબલ ઉપર અનેક પકવાન સજાવીને રાખ્યા હતા. બંને ઉપર ચઢ્યા. દેશી ઉંદરે આવી મિજબાની ક્યારેય જોઈ નહોતી.

"તેં કહ્યું એ સાચુજ હતું! આવી મિજબાની મેં ક્યારેય જોઈ નહોતી!" દેશી ઉંદરે કહ્યું.



એટલામાં ઘર ના માણસે ઉંદર ને જોયા, અને એમને ભગાવ્યા. બંને ઉંદર ઉઘાડા દરવાજામાં થી જેમ-તેમ છટકી ગયા.

"હું ખેતરમાં રહુ છું, મને માખણ, પાંવ, ચીઝ એવા પકવાન ખાવા નથી મળતા. તો પણ મારે કોઈ થી ગભરાઈને રહેવા ની જરૂર નથી." એવું બોલીને દેશી ઉંદર પોતાને ગામ પાછો ફર્યો.

Gujarati : Sudhir Jhaveri


A Bagful of Stories
Published by
Manchi Pustakam


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

દેડકા નો રાજા

એક તળાવમાં ઘણાં દેડકા રહેતા હતા. ખાવા માટે ભરપૂર અન્ન હતું. દેડકા દિવસભર રમતા, આનંદમાં રહેતા. એમને કોઇપણ ભય કે કાળજી નહોતી.

એક દેડકા ને આ ગમ્યું નહીં. એને થયું કે દેડકાઓના કંઈક નિયમ હોવા જોઈએ અને એક રાજા પણ હોવો જોઈએ. એણે બીજા દેડકા ને પોતાનો વિચાર જણાવ્યો. બધાને એની વાત વ્યાજબી લાગી.





"ભગવાન! અમારી ઉપર રાજ કરવા માટે એક રાજા મોકલો!" એમણે પ્રાર્થના શરુ કરી.


એવામાં લાકડાનું એક મોટું ઢીમચું ધમ્મ કરતું તળાવમાં પડયું. દેડકા ગભરાઈ ગયા. બધાએ તળાવમાંથી બહાર ફૂદકો માર્યો અને કાંઠેથી પાણીમાં ડોકાઇને જોવા લાગ્યા.

પાણી શાંત થયું ત્યારે દેડકાને પાણી ઉપર તરતા લાકડાનું ઢીમચું દેખાયું. પ્રભુએ આપણી પ્રાર્થના સાંભળીને આ જ રાજા મોકલ્યો છે એવું એમને લાગ્યું. બે શૂરવીર દેડકા પાણીમાં ફૂદકો મારી ઢીમચાં પાસે ગયા. એમણે ઢીમચાં ને ધીરેથી ધક્કો માર્યો. ઢીમચું હલ્યું નહીં. પછી એમણે ઢીમચાં ઉપર ચઢીને પાણીમાં ફૂદકો માર્યો. ધીરે ધીરે બીજા દેડકાઓ પણ ઢીમચાં ઉપરથી ફૂદકા મારવા લાગ્યા.

આમજ થોડા દિવસો ગયા. હવે દેડકા ઢીમચાં તરફ દુર્લક્ષ કરવા લાગ્યા. આ ન બોલતો, ન હલતો રાજા એમને કંઈ ગમ્યો નહીં. "અમને સાચો રાજા જોઈએ, અમારી ઉપર રાજ કરી શકે એવો રાજા," એમણે ફરી પ્રાર્થના શરુ કરી.

એવામાં તળાવ નજીક એક બગલું આવીને બેઠું. "આજ આપણો નવો રાજા. આપણું બોલેલું સાંભળે એવો રાજા! બોલી શકે એવો રાજા!" દેડકા આનંદથી કૂદવા લાગ્યા.

જલ્દી, તળાવમાંના દેડકા ની સંખ્યા ધીમે ધીમે ઓછી થવા લાગી. દેડકાને સમજાયું કે પહેલાનો ન બોલનારો રાજા જ ખરેખર વધારે સારો રાજા હતો!



ચિંકીનું ઘારૂં



ચિંકીનું એક નાનું ઘારૂં
નાનું ઘારૂં નાનું ઘારૂં
ચિંકીનું એક નાનું ઘારૂં
એનો ગોરો ગોરો વાન.

ચિંકી પાછળ પટપટ જાય
પટપટ જાય પટપટ જાય
ચિંકી પાછળ પટપટ જાય
ઘારૂં હલાવતું કાન.

ચિંકી સાથે શાળા ગયું
શાળા ગયું શાળા ગયું
ચિંકી સાથે શાળા ગયું
ઘારૂં એક દિવસ.



હસવા રમવા બાળકો લાગ્યા
બાળકો લાગ્યા બાળકો લાગ્યા
હસવા રમવા બાળકો લાગ્યા
ગમ્મત થઈ મજાની.

A Bagful of Stories
Published by
Manchi Pustakam

Gujarati : Sudhir Jhaveri


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

કૂતરા બિલાડીનો અને બિલાડી ઉંદરનો પીછો કેમ કરે છે?


ઘણાં ઘણાં વર્ષો પૂર્વે કૂતરો, બિલાડી અને ઉંદર મિત્ર હતા. એમને કાયમ એકબીજા સાથે રહીયે એવું મનથી લાગતું. એ માટે એમણે કાગળ ઉપર એવું એક કરારનામું લખીને બનાવ્યું.

કૂતરો બહારનું બધું કામ કરે, ઉંદર અને બિલાડી ઘરની અંદરનું કામ કરે.

બિલાડીએ એમના કરારનામા નો કાગળ માળીયા ઉપર વ્યવસ્થિત સાચવીને રાખ્યો.



થોડા દિવસો પછી કૂતરો બહારના
કામ કરીને કંટાળ્યો.




"તું અને ઉંદર ઘરની અંદર સુખરૂપ અને આરામથી બેસો છો, અને મને બહાર પહેરો ભરતા ઉનાળામાં ગરમી, ચોમાસા માં વરસાદ અને શિયાળામાં ઠંડી સહન કરવી પડે છે," એણે ચિડાઈને બિલાડીને કહ્યું.

બિલાડી બોલી, "આપણે કરેલું કરારનામું તને યાદ નથી શું?"

"ક્યાં છે એ કાગળ? મારે જોવો છે, જા લઈ આવ," કૂતરો ઘૂરક્યો.

બિલાડી કાગળ લાવવા માળિયા ઉપર ચઢી. એણે જોયું તો ઉંદર કાગળ ને કાતરી, એની ગાદી કરીને એની ઉપર સૂતો હતો!



બિલાડી ગુસ્સે થઈ
અને ઉંદરનો પીછો
કરવા લાગી, પણ
એને પકડી શકી નહીં.

છેવટે થાકીને હારીને
પાછી નીચે આવી.

"કરારનામું ક્યાં છે?" કૂતરાએ પૂછ્યું. બિલાડી પાસે કરારનામું નથી એ જોતા કૂતરો ચિઢાઇને બિલાડી પાછળ દોડવા લાગ્યો.

ત્યારથી એવું કહેવાય છે, કે કૂતરાને બિલાડી દેખાય, કે કરારનામું જોવા માટે એ એની પાછળ પડી જાય છે.

ઉંદરે કરેલું કારનામું યાદ આવતા બિલાડી ઉંદરનો પીછો કરવા લાગે છે.

હવે સમજાયું ને, બિલાડી ઉંદર નો અને કૂતરો બિલાડી નો પીછો કેમ કરે છે?

ક્યાં ગયા?



અંગુઠા દાદા, અંગુઠા દાદા, ક્યાં ગયા?
આવ્યો આવ્યો, આવ્યો આવ્યો, દોડતો આવ્યો.
અંગુઠા દાદા, અંગુઠા દાદા, કેમ છો?
સારો છું, સારો છું, હવે ઘરે જાઉં છું.

તર્જની કાકી, તર્જની કાકી, ક્યાં ગયા?
આવી આવી, આવી આવી, દોડતી આવી.
તર્જની કાકી, તર્જની કાકી, કેમ છો?
સારી છું, સારી છું, હવે ઘરે જાઉં છું.

વચલી ફઈ, વચલી ફઈ, ક્યાં ગયા?
આવી આવી, આવી આવી, દોડતી આવી.
વચલી ફઈ, વચલી ફઈ, કેમ છો?
સારી છું, સારી છું, હવે ઘરે જાઉં છું.

અનામિકા, અનામિકા, ક્યાં ગઈ?
આવી આવી, આવી આવી, દોડતી આવી.
અનામિકા, અનામિકા, કેમ છે?
સારી છું, સારી છું, હવે ઘરે જાઉં છું.


ટચલી બેન, ટચલી બેન, ક્યાં ગઈ?
આવી આવી, આવી આવી, દોડતી આવી.
ટચલી બેન, ટચલી બેન, કેમ છે?
સારી છું, સારી છું, હવે ઘરે જાઉં છું.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

ચામાચીડિયું



ઘણા વર્ષો પૂર્વે, પ્રાણીઓ અને પક્ષીઓ વચ્ચે ઝગડો શરુ થયો.

ચામાચીડિયાએ કોઈનો પક્ષ ન લીધો. કઈ બાજુ જીતે છે તે એ જોવા લાગ્યું.




પહેલા એવું લાગ્યું કે પક્ષી લડાઈમાં જીતશે. ચામાચીડિયું પક્ષીના સમૂહમાં શામેલ થયું અને પોતે પક્ષીજ છે એવું કહેવા લાગ્યું. પોતાની પાંખ ફેલાવી ઉડીને પોતે પક્ષી છે એ સિદ્ધ કરવા લાગ્યું.

પણ થોડાજ દિવસોમાં પ્રાણી જીતશે એવું દેખાવા લાગ્યું. એટલે ચામાચીડિયું પ્રાણીના સમૂહમાં દાખલ થઈ ગયું.

પોતાના રાક્ષસી દાંત દેખાડી પોતે પ્રાણીજ છે અને એને પ્રાણીઓજ ગમે છે એમ કહેવા લાગ્યું.






પણ છેવટે પક્ષીઓનો વિજય થયો. ચામાચીડિયું ફરી પક્ષીના સમૂહમાં ગયું. પણ આ વખતે પક્ષીઓએ એને ભગાવી દીધું.

પછી ચામાચીડિયું પાછું પ્રાણીઓ પાસે ગયું. પણ પ્રાણીઓએ પણ એને હાંકી કાઢ્યું.

ત્યારથી ચામાચીડિયું અંધારા ઓરડામાં, ઝાડના પોલાણમાં રહેવા લાગ્યું. પ્રાણી અને પક્ષી થી પોતાનું મોઢું સંતાડી રાત્રેજ ઉડવા લાગ્યું.

ન બદલાતો જવાબ



"હોજા, તારી ઉમર શું છે?" એક માણસે પૂછ્યું.

"ચાલીસ વર્ષ!" હોજાએ ઉત્તર આપ્યો.

"કેવી રીતે શક્ય છે? દસ વર્ષ પહેલા પણ તેં તારી ઉમર ચાલીસ વર્ષજ બતાવી હતી."

"એક વાર બોલીને ફરી જનારો માણસ લાગ્યો કે શું હું તને? હજી વીસ વર્ષ પછી પૂછીશ તો પણ મારો ઉત્તર એજ રહેશે!" હોજા ઠાવકાઈથી બોલ્યો.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

ખોવાય ગયેલી વીંટી



એકવાર સંધ્યાકાળે મુલ્લાની
આંગળી માંથી વીંટી નીચે પડી.
વીંટી પડવાનો અવાજ સંભળાયો.

એવામાં દીવો બુઝાય ગયો.
અંધારામાં વીંટી શોધી નહીં શકાય
એટલે મુલ્લા ઘરની બહાર આવ્યા.

પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર હતો. એના
પ્રકાશમાં મુલ્લા વીંટી શોધવા
લાગ્યા.

"મુલ્લા! શું શોધી રહ્યા છો?," એક વટેમાર્ગુએ પૂછ્યું.


"મારી વીંટી પડી ગઈ છે, એ શોધું છું," મુલ્લા બોલ્યા.

"ક્યાં પડી?" મુલ્લાને વીંટી શોધવામાં મદદ કરવાના આશય થી વટેમાર્ગુએ પૂછ્યું.

"ઘરમાં પડી,“ મુલ્લા બોલ્યા.


"તો પછી બહાર કેમ શોધો છો?" વટેમાર્ગુએ પૂછ્યું.

"ઘરમાં અંધારું છે, એટલે અહીં અજવાળામાં શોધું છું," મુલ્લાએ કહ્યું.




હરણ

એક હરણ પાણી પીવા માટે ઝરણાં પાસે ગયું. પાણીમાં એને પોતાનું પ્રતિબિંબ દેખાયું. પ્રતિબિંબમાં દેખાતા શિંગડા એને બહુજ ગમ્યા. એવામાં એને પોતાના પગ દેખાય. એ તેને જરાય ન ગમ્યા. "દીવાસળીની કાંડી જેવા પાતળા દેખાય છે મારા પગ," એને લાગ્યું.



એક દિવસ સિંહે હરણનો શિકાર કરવા પીછો કર્યો. હરણ ઘાસના મેદાનમાં તેજીથી દોડવા લાગ્યું. પણ જંગલમાં એના શિંગડા ઝાડની ડાળીઓમાં ફસાવા લાગ્યા. ખૂબ પ્રયત્ન કરીને એણે શિંગડા છોડાવ્યા, અને સિંહથી છટકી ગયું.

"મને જે પગ દીવાસળીની કાંડી જેવા લાગ્યા, એને લીધેજ હું ઝડપથી દોડીને સિંહ થી બચી શક્યું. જે શિંગડા મને પ્રશંસા કરવા જેવા લાગ્યા, એને લીધેજ મારુ મોત થઈ જાત," એણે વિચાર્યું.



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614; Illustrations: S. Pavani; Printed at Charita Impressions

પૂરી ન થનારી વાર્તા

એક હતો રાજા. એને વાર્તા સાંભળવી બહુ ગમતી. સરસ વાર્તા કહેનારાને એ પુષ્કળ ઇનામ આપતો.

મંત્રીએ રાજાની વાર્તા સાંભળવાની ઘેલછા નો ઉપાય કરવાનું વિચાર્યું. દાંડી પીટી ને ઘોષણા કરવામાં આવી કે જે કોઈ રાજાને ક્યારેય ન પૂરી થાય એવી વાર્તા સંભળાવે એને ખૂબ મોટું ઇનામ આપવામાં આવશે. અનેક લોકો આગળ આવ્યા, પણ દરેકની વાર્તાનો અંત હતોજ. બક્ષીશ કોઈને ન મળી.





એક દિવસ એક માણસ રાજા પાસે આવ્યો અને પૂરી ન થાય એવી વાર્તા કહી શકશે એમ કહ્યું. રાજાએ એને તાબડતોબ વાર્તા શરુ કરવા આજ્ઞા કરી.

"જરૂર!," એ માણસ બોલ્યો. "પણ મારી એક શરત છે મહારાજ. વાર્તા સાંભળતી વખતે તમારે અને પછી... અને પછી... એમ કંટાળ્યા વગર પૂછ્યા કરવું પડશે."

રાજાએ આ શરત માન્ય કરી.

"એક હતું પક્ષી. એને ભૂખ લાગી હતી એટલે એ અન્ન શોધતું હતું."

"અને પછી..."

"એને એક ધાન થી ભરેલો ટોપલો દેખાણો. પક્ષીએ ચાંચ થી ટોપલામાં કાણું પાડયું."

"અને પછી..."

"પક્ષીએ એક દાણો ચાંચમાં લીધો અને ઉડીને માળા તરફ ગયું."

"અને પછી..."

"પક્ષી પાછું આવ્યું, ચાંચમાં બીજો દાણો લીધો અને માળા તરફ ઉડીને ગયું."

"અને પછી..."



"પક્ષી પાછું આવ્યું, ચાંચમાં હજી એક દાણો લઈ માળા તરફ ઉડીને ગયું."

"આગળ શું થયું" રાજાએ અધીરાઈ થી પૂછ્યું.

"પક્ષી પાછું આવ્યું, ચાંચમાં હજી એક દાણો લઈ માળા તરફ ઉડીને ગયું."

રાજાને ગુસ્સો આવ્યો. "કેટલી વાર દાણો લઈને ઉડવાનું છે પક્ષી? એના પછી શું થયું?"

"મહારાજ! ટોપલો ખાલી તો થવા દો!" માણસે કહ્યું.





"હે ભગવાન! આ ખરેખર અંત ન હોય એવી વાર્તા છે.
હવે બસ કર! તારું ઇનામ લે અને જા!," રાજા કંટાળીને બોલ્યા.

એ પછી રાજાએ ક્યારેય વાર્તા સાંભળવાની હઠ કરી નહીં.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

અસંભવિત મૈત્રી

એક ઉંદરે સિંહની ગુફામાં પોતાનું દર ખોદ્યું. એને લાગ્યું કે એ સિંહની ગુફામાં સુરક્ષિત રહેશે.

પણ ઉંદર શાંત થોડો બેસે? સિંહ સૂતો હોય ત્યારે ઉંદર એના શરીર ઉપર કૂદકા મારતો. સિંહ એને પકડવાનો પ્રયત્ન કરે, કે તરત દરમાં સંતાઈ જતો.



છેવટે ઉંદરનો આ ત્રાસ સહન ન થતા સિંહ બિલાડીને ગુફામાં લાવ્યો.

"તને જોઈએ એટલું ખાવાનું આપીશ. પણ આ ઉંદરનો કંઈક બંદોબસ્ત કર," એણે બિલાડીને કહ્યું.

હવે ઉંદર સાવધ થઈ ગયો.



એક દિવસ સિંહ ગુફામાં નહોતો ત્યારે બિલાડીએ ઉંદરને પકડયો. એ તેને ખાવા જતી હતી ત્યાં ઉંદર બોલ્યો, "ઉભી રહે! તું મને ખાઈશ તો સિંહ તને ગુફામાંથી કાઢી મુકશે. તું મને છોડી દઈશ તો આપણે બેઉ સુખેથી રહી શકીશું," એણે સલાહ આપી.

"સાચું કહે છે," બિલાડી બોલી અને એણે ઉંદરને છોડી દીધો. સિંહ ગુફામાં ન હોય ત્યારે બંને એકબીજા સાથે રમવા લાગ્યા.





સિંહ ગુફામાં હોય ત્યારેજ બિલાડી ઉંદરને પકડવાનું નાટક કરતી. ઉંદર પણ ગભરાવાનું નાટક કરીને ભાગીને દરમાં છુપાઈ જતો.

ઉંદર અને બિલાડી ની મૈત્રી આમજ ચાલુ રહી. સિંહ ને થયું કે બિલાડી ને લીધે ઉંદર એને ત્રાસ નથી આપતો, અને એ ખુશ હતો.

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

ઓળખો કોણ?

એક ખિસકોલી અને એક સસલું દિલોજાન દોસ્ત હતા. ખિસકોલીને બધી વાતનું કુતૂહલ રહેતું અને એ હંમેશા કંઈક નવું શીખવા તૈયાર રહેતી.

સસલું ખૂબ હુંશિયાર હતું અને કાયમ કોયડામાં બોલતું.

ખિસકોલી : આટલી સવાર સવાર માં ક્યાં નીકળ્યું?

સસલું : મારા નવા મિત્ર સાથે રમવા જાઉં છું.

ખિસકોલી : નવો મિત્ર? કોણ છે એ?

સસલું : ઓળખ તો! એને ચાર પગ છે.

ખિસકોલી : આપણે બધાયને ચાર પગ છે. તારો મિત્ર મોટો છે શું?

સસલું : હા!






ખિસકોલી : તારો મિત્ર છે હાથી!

સસલું : ના! મારા મિત્ર ને સૂંઢ નથી.

ખિસકોલી : તો તારો મિત્ર છે ગેંડો. ગેંડો મોટો છે, અને એને સૂંઢ નથી હોતી.

સસલું : ના ના! મારા મિત્રને શિંગડા નથી.

ખિસકોલી : તો તારો મિત્ર છે ઊંટ. એને ચાર પગ છે, સૂંઢ નથી અને શિંગડા પણ નથી.







સસલું : નહીં રે! મારા મિત્ર ને ઊંટ જેવી ખૂંધ નથી.

ખિસકોલી : અચ્છા, તો વાઘ હશે તારો મિત્ર. એને ચાર પગ છે, સૂંઢ અને શીંગડા નથી અને ખૂંધ પણ નથી.



સસલું : મારા મિત્ર ને વાઘ જેવા પટ્ટા નથી.

ખિસકોલી : તો કદાચ રીંછ હશે તારો મિત્ર. એને પટ્ટા નથી હોતા.



સસલું : નહીં. મારા મિત્રને રીંછ જેવી રુવાંટી નથી.

ખિસકોલી : ઉભું રહે ! તારા મિત્રના શરીર પર મોટા મોટા ધબ્બા છે?


સસલું : હા, છે.

ખિસકોલી : તો તારો મિત્ર છે
હરણ! એને ચાર પગ છે,
સૂંઢ, શિંગડા, ખૂંધ નથી, પટ્ટા
નથી, રુવાંટી નથી અને
શરીર ઉપર ધબ્બા હોય છે!

સસલું : નહીં! મારા મિત્ર ની
ગરદન બહુ લાંબી છે.

ખિસકોલી : મને સમજાયું!
તારો મિત્ર એટલે જિરાફ!
એને ચાર પગ છે, સૂંઢ,
શિંગડા, ખૂંધ, પટ્ટા અને
રુવાંટી નથી, શરીર ઉપર
મોટા ધબ્બા છે અને લાંબી
ગરદન છે.

સસલું : બરાબર ઓળખ્યું!
તું મારી સાથે આવી શકે છે.
આપણે બંને એની પીઠ
ઉપર ચઢીને રમશું!




Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


નવ કે દસ?

એક વેપારી એના દસ ઊંટને લઈ પ્રવાસે નીકળ્યો. એક ઊંટ ઉપર એ પોતે બેઠો હતો, અને બાકીના નવ એની પાછળ ચાલતા હતા.



થોડે આગળ જતા એને લાગ્યું, બધા ઊંટ આવે છેને એની ખાતરી કરું.

વેપારી પાછળ જોઈને ઊંટ ગણવા લાગ્યો. "એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ. અરે! અરે! દસમો ઊંટ ક્યાં ગયો?, વેપારી વિચાર કરતો ઊંટ ઉપરથી નીચે ઉતર્યો.



એણે બધી બાજુ ખોવાયેલો ઊંટ શોધ્યો. ઊંટ કંઈ મળ્યો નહીં. થોડી વાર પછી એણે પાછા બધા ઊંટ ગણ્યા. "એક, બે, ...નવ, દસ". બધા ઊંટ છે એ જોઈ એને આનંદ થયો.

ઊંટ ઉપર બેસી એ આગળ વધ્યો. થોડી વાર પછી એને પાછી શંકા થઈ અને બધા ઊંટ છે કે નહીં એ જોવા લાગ્યો. ગણતા ખબર પડી કે પાછા નવ જ ઊંટ હતા.

વેપારી ઊંટ ઉપરથી નીચે ઉતર્યો અને ખોવાયેલો ઊંટ શોધવા લાગ્યો. એને અલબત્ત 'ખોવાયેલો' ઊંટ ક્યાંય મળ્યો નહીં. ગણવામાં ભૂલ થઈ હશે એમ માની એણે ફરી એકવાર ઊંટ ગણ્યા.

ઓહો આશ્ચર્ય! દસેય ઊંટ હતા!




વેપારીને કંઈ સમજાયું નહીં. આ તો જાદુ થઈ રહ્યું છે!

"હું ઊંટ ઉપર બેસું છું ત્યારે દરેક વખતે એક ઊંટ ખોવાય જાય છે. અને હું ચાલતો જાઉં છું ત્યારે બધા દસેય ઊંટ યથાવત હોય છે," એણે વિચાર કર્યો.

એટલે આગળનો રસ્તો તડકાની ગરમીમાં ઊંટ ઉપર બેસીને જવાને બદલે ઊંટ ની સાથે ચાલી ને જવાનો એણે નિર્ણય કર્યો!

Gujarati : Sudhir Jhaveri



A Bagful of Stories

Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614; Illustrations: S. Pavani; Printed at Charita Impressions


કાંટો આપ્યો ચાકુ લીધું

એક હતો વાંદરો. એક વાર એના પગમાં કાંટો ઘુસી ગયો.

ત્યાંથી એક વાળંદ જઈ રહ્યો હતો. વાંદરાએ વાળંદને કાંટો કાઢવા વિનંતી કરી. વાળંદે કાંટો માંડમાંડ કાઢ્યો, પણ કાઢતા કાંટાના બે ટુકડા થઈ ગયા.

"મારો કાંટો પાછો આપ, નહીંતો તારું ચાકુ મને આપ," વાંદરાએ કહ્યું. બિચારા વાળંદે વાંદરાને પોતાનું ચાકુ આપ્યું.





આગળ વાંદરાને એક કઠિયારો મળ્યો. "મારે થોડા લાકડા કાપવા છે, તારું ચાકુ આપીશ કે?" કઠિયારાએ પૂછ્યું.

"ભલે," વાંદરાએ કહ્યું અને એણે ચાકુ આપ્યું. લાકડાઓ કાપતા ચાકુ તૂટી ગયું. "મારું ચાકુ મને આપ નહીં તો તારા લાકડા મને આપ," વાંદરાએ કહ્યું. કઠિયારાએ બધા લાકડા વાંદરા ને આપ્યા.

થોડી વાર પછી વાંદરાને એક વૃદ્ધ સ્ત્રી મળી. એની પાસે રોટલી બનાવવા લોટ અને તેલ હતા, પણ ચૂલો પેટાવવા લાકડા નહોતા.

"મારે થોડી રોટલી કરવી છે. તારા થોડા લાકડા આપીશ કે?" ડોશીએ પૂછ્યું. "ભલે," વાંદરો બોલ્યો, અને એને લાકડા આપ્યા. રોટલી બનાવતા લાકડા બળીને રાખ થઈ ગયા.



વાંદરો બોલ્યો, "મારા લાકડા દે, નહીં તો તારી રોટલી મને દે." ડોશીમા એ નાઈલાજ થઈને વાંદરાને રોટલી આપી.

આગળ જતા વાંદરાએ એક નાનું બાળક જોયું. એ રડતું હતું. "મારુ બાળક રડે છે, તારી રોટલી એને આપીશ કે?" બાળકની માઁ એ પૂછ્યું. વાંદરાએ રોટલી આપી અને એ ખાઈને બાળક શાંત થયું.



વાંદરાએ ભારપૂર્વક કહ્યું, "મારી રોટલી આપ નહીં તો મને તારું બાળક આપ." ડોશીએ નાઈલાજ થઈને વાંદરાને એનું બાળક આપી દીધું.

વાંદરાને આગળ એક સર્કસ નો તંબૂ દેખાયો. એક વિદૂષક ઢોલ વગાડી રહ્યો હતો. વાંદરાને ઢોલ બહુ ગમ્યો. એણે વિદૂષકને બાળકના બદલામાં ઢોલ આપવા સુચવ્યું.



વિદૂષકે બાળક લઈને વાંદરાને ઢોલ આપ્યું.

ઢોલ વગાડતા વાંદરો ગાવા લાગ્યો :

"કાંટો આપ્યો ચાકુ લીધું

ટમ ટમ ટમ

ચાકુ આપ્યું લાકડા લીધા

ટમ ટમ ટમ

લાકડા આપી રોટલી લીધી

ટમ ટમ ટમ

રોટલી આપી બાળક લીધું

ટમ ટમ ટમ

બાળક આપ્યું ઢોલ લીધું

ટમ ટમ ટમ

ટમ ટમ ટમ!"



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by

Manchi Pustakam


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

નાળિયેરી અને વડ

એક વાર એક કાગડાએ નાળિયર ના ઝાડ ઉપર એક વડલાનું બી નાંખ્યું.

વડલાનું નાનું એવું બી જોઈને નારિયેળી હસવા લાગી. "મારા ફળ હથેળી જેવડા અને બીયા તો મુઠ્ઠી જેવડા હોય છે. તોપના ગોળા જેવા દેખાતા મારા ફળથી ગભરાઈને મારી છાયામાં કોઈ ઉભા રહેવાની હિમ્મત કરતુ નથી. તું આટલું નાનું બી! તારામાંથી મોટું ઝાડ કેવી રીતે થઈ શકે?"






અનેક દિવસો વીત્યા. નારિયેળી વડના બી ને ભૂલી પણ ગઈ. બી માં અંકુર ફૂટ્યા અને એમાંથી એક નાનું ઝાડ થયું.

નારિયેળીએ નાના વડ ને કહ્યું, "તું નાના એવા બી માં થી જન્મ્યું છે, તું મને કંઈ પણ કરી શકીશ નહીં. હું ખૂબ શક્તિમાન છું."

નારિયેળી એ ઘણી વાર આવા શબ્દો કહ્યા, પણ વડલા એ કોઈ ઉત્તર ન આપ્યો.

ધીમે ધીમે વડલાનું ઝાડ મોટું મોટું થવા લાગ્યું.

થોડાજ વખત માં એ નારિયેળી કરતા ઊંચું થઈ ગયું.



વડલા ની વડવાઈ માં અટવાઈને નારિયળ નું ઝાડ સૂકાઈ ગયું.

પગલાં ના નિશાન

એક બુઢ્ઢો સિંહ શિકાર નહોતો કરી શકતો. એ એક ગુફા માં ગયો અને બીમાર હોવાનું નાટક કરવા લાગ્યો. બીમાર સિંહ ની ખબર પૂછવા અનેક પ્રાણી આવવા લાગ્યા.


ગુફામાં આવનારા બધા પ્રાણીઓ ને સિંહ ગુપચુપ ખાઈ જતો.

એક દિવસ શિયાળ સિંહ ની ખબર કાઢવા આવ્યું. ગુફાના દરવાજા માં ઉભા રહીને બોલ્યું, "સિંહ રાજા, કેમ છો?"

"હું બહુ બીમાર છું," સિંહ બોલ્યો. "અંદર આવ ને."

"ગુફા માં જવાના અનેક પગલાં ના નિશાન દેખાય છે, પણ બહાર આવવાનું એક પણ નથી. એટલે હું બહાર જ ઠીક છું," હુંશિયાર શિયાળ બોલ્યું.

Gujarati : Sudhir Jhaveri



A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

સોય

એક દિવસ પરમાનંદૈય્યા એ પોતાના શિષ્યોને બોલાવ્યા અને પડોશ માં રહેતા ખેડૂત પાસેથી એક સોય ઉછીની લાવવા કહ્યું.

શિષ્યો ખેડૂત પાસે ગયા અને એમણે સોય માંગી. ખેડૂત ઘરમાં જઈ સોય લઈને આવ્યો.


એટલી વાર માં શિષ્યો માં સોય પાછી કેવી રીતે લઈ જવી એ વાત પર વિવાદ શરુ થઈ ગયો.




"કોઈ એક જણ સોય લઈ જાઓ," ખેડૂતે કહ્યું.

"મહોદય, જે કંઈ પણ કરીયે એ અમારે મળીને કરવું પડશે," શિષ્યોએ કહ્યું.


ખેડૂતને રમૂજ થઈ. "મારા ખેતરમાં એક નારિયેળીનું ઢીમચું પડેલું છે, એમાં સોય ઘોંચો અને લઈ જાઓ," એણે હસીને સલાહ આપી. શિષ્યોને આ વિચાર ખૂબ ગમ્યો.





એમણે ઢીમચામાં સોય ઘોંચી અને પોતાના ગુરુ પાસે ઢીમચું લઈને ગયા. બધા ગામવાળા આ જોઈને હસતા હતા, પણ શિષ્યોને એની તમા નહોતી.

પોતાના શિષ્યોને આવી રીતે ઢીમચું લાવતા જોઈને ગુરુ અવાક થઈ ગયા.



પછી ખેડૂત ને સોય પાછી આપતી વખતે પણ શિષ્યોએ સોય ઢીમચાં માં ઘોંચી ને પાછી આપી.

ખેડૂત અને એની પત્ની આ દ્રશ્ય જોઈને હસી હસી ને બેવડ વળી ગયા.

Gujarati :
Sudhir Jhaveri


A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


હરણ અને ઘોડો

ખૂબ વર્ષો પૂર્વે ની વાત છે. ત્યારે ઘોડા જંગલ માં રહેતા હતા.

એકવાર હરણ અને ઘોડા ની લડાઈ થઈ. હરણે ઘોડાને શિંગડા મારીને ભગાવી દીધો.



ઘોડાએ એક માણસ પાસે મદદ માંગી. માણસે ઘોડા ઉપર ખોગીર નાંખી, રકાબ નાંખ્યું, અને ઘોડા ઉપર સવાર થઈને એણે હરણને ભગાવી દીધું.



"માનવ! તેં મને ખૂબ મદદ કરી. ધન્યવાદ! હવે હું તારી રજા લઉ," ઘોડો બોલ્યો.

"તારો મને ખૂબ ઉપયોગ થઈ શકે છે. હું તને જવા નહીં દઉં," માણસે કહ્યું. ત્યારથી માણસે ઘોડાને ખૂબ મહેનત ના કામે લગાડયો છે.

જીવવાનું શાસ્ત્ર

ઈશ્વરૈચ્યાએ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો, અને એ માટે એને ગર્વ હતો. એકવાર નદી પાર કરીને એને બીજા ગામે જવાનું હતું એટલે એ એક હોડી માં બેઠો.

"તને ભૂગોળ વિષે કંઈ ખબર છે કે?" એણે હોડીવાળા ને પૂછ્યું. "ના સાહેબ. ખબર નથી," કેવટ બોલ્યો.

"તો પછી તારું અડધું આયુષ્ય ફોગટ ગયું એમજ કહેવું પડે. અચ્છા, તેં સમુદ્રના નિયમો વિષે વાંચ્યું છે કે?" એણે આગળ પૂછ્યું.

"ના સાહેબ, નથી વાંચ્યું," કેવટ ઉદાસ થઈને બોલ્યો.





"તો પછી તારું આખું આયુષ્ય ફોગટ ગયું એમજ કહેવું પડશે. હવે તો શાસ્ત્ર વાંચવાનું શરુ કર!" ઈશ્વરૈય્યા એ સલાહ આપી.

એટલામાં મુશળધાર વરસાદ શરુ થયો. "હોડી ડૂબવાની શક્યતા છે. આપણે નદીમાં કૂદીને તરતા કિનારે જવું પડશે," કેવટ બોલ્યો. "તમને તરતા આવડે છે ને?"

"ના! નથી આવડતું! હું પંડિત છું, મને બચાવ!" ઈશ્વરૈય્યા ગભરાઈને બોલ્યો.

"મહોદય, હું તમને નહીં બચાવી શકું. તમને તરતા આવડતું નથી એટલે તમારા પ્રાણ જોખમ માં છે. મેં શાસ્ત્ર વાંચ્યા નથી તો પણ હું 'જીવવાનું શાસ્ત્ર' શીખ્યો છું," એમ બોલતા હોડીવાળો નદીમાં કૂદી પડયો અને તરતો તરતો સુખરૂપ કિનારે પહોંચી ગયો.

A Bagful of Stories

Published by

Manchi Pustakam

Gujarati : Sudhir Jhaveri

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

ઘર બદલ્યું

એક ગામમાં એક શ્રીમંત માણસ રહેતો હતો. એના ઘરની જમણી બાજુ એક લુહાર રહેતો હતો અને ડાબી બાજુ સુતાર. લુહારના ઘરે થી હંમેશા ધાતુ ઉપર હથોડા નો "ધણ!" "ધણ!" અવાજ આવતો. સુતારના ઘરે થી હંમેશા "ખર્ર ખર્ર" અવાજ આવતો.

એ શ્રીમંત માણસ આ અવાજ થી હેરાન થઈ ગયો હતો.




"આ અવાજ થી છુટકારો કેવી રીતે મળે?" એ દિવસ રાત વિચાર કરતો. છેવટે એને એક ઉપાય સૂઝયો.

એણે લુહાર અને સુતાર ને મળવા બોલાવ્યા અને કહ્યું, "તમારા અવાજ થી મને શાંતિ થી ઊંઘ આવતી નથી. તમે કૃપા કરીને ઘર બદલો. હું તમને બંને ને ઘર બદલવાનો ખર્ચ પણ આપીશ."




"ઠીક છે. તમે કહો છો એમ અમે કરીશું," બંનેએ આશ્વાસન આપ્યું અને પૈસા લઈને નીકળી ગયા.

પોપોતાનો સામાન ગાડીમાં લદાતો જોતા શ્રીમંત માણસ ખૂબ ખુશ થયો. "ભગવાન નો પાડ! હવે હું સુખે થી રહી શકીશ!" એણે વિચાર કર્યો.



બીજે દિવસે ફરી એજ "ઘણ!" "ઘણ!" અને "ખર્ર ખર્ર" અવાજ થી એ જાગી ગયો. લુહાર અને સુતારે મને ફસાવ્યો એમ માની ને એણે પોતાના નોકર ને શું થઈ રહ્યું છે એ જોવા મોકલ્યો.

નોકર પાછો આવ્યો અને એણે કહ્યું કે સુતાર અને લુહારે માન્ય કર્યા પ્રમાણે ઘર બદલાવ્યા છે. સુતાર લુહારના ઘરમાં અને લુહાર સુતારના ઘરમાં રહેવા ગયો છે!



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by


Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

નાણાં દેનાર ઝાડ


એક હતો રાજા. એ રોજ શિકાર કરવા જતો. એક દિવસ એક વિચિત્ર ઘટના ઘટી. રાજાએ એક વૃદ્ધ માણસને આંબા નું ઝાડ રોપતા જોયો.

"દાદા! તમે કેટલા ભોળા છો! તમે લગાવેલું આ ઝાડ ક્યારે મોટું થશે, એને ફળ ક્યારે આવશે! ત્યાં સુધી તમે જીવતા હશો?" રાજાએ પૂછ્યું.



"મહારાજ! ઝાડ ને ફળ લાગશે ત્યારે કદાચ હું જીવતો નહીં હોઉં. પણ મારા બાળકો અને એના બાળકો કેરી ખાઈને મને યાદ કરશે," વૃદ્ધ માણસે ઉત્તર આપ્યો.


રાજાને ડોસા ની વાત ગમી. એણે ડોસાને દસ સોનામહોર ની ભેટ આપી. "મહારાજ! જુઓ, મેં ઝાડ રોપ્યું એજ દિવસે ઝાડે મને દસ સોનામહોર આપી!" ડોસો બોલ્યો.



ખેડૂત અને નદીની દેવી


એક ખેડૂત ની કુહાડી નદીમાં પડી ગઈ. એ કાંઠે બેસીને રડવા લાગ્યો. નદીની દેવી ને ખેડૂતની દયા આવી.

એ ખેડૂત માટે સોનાની કુહાડી લાવી. "આ છે શું તારી કુહાડી?" એણે પૂછ્યું. "ના, આ કુહાડી મારી નથી," ખેડૂત બોલ્યો. પછી દેવી ચાંદી ની કુહાડી લાવી. "આ પણ મારી નથી," ખેડૂત બોલ્યો. પછી દેવી ખેડૂત ની કુહાડી લાવી. "આજ છે મારી કુહાડી!" ખેડૂત આનંદિત થઈને બોલ્યો. દેવી ખેડૂત ની પ્રામાણિકતા પર ખુશ થઈ અને એણે તેને ત્રણેય કુહાડી બક્ષીશ તરીકે આપી.



ખેડૂત ઘરે આવ્યો અને એણે કુહાડી મિત્રો ને દેખાડી આખી હકીકત કહી.

એમાંનો એક મિત્ર ખૂબ લાલચુ હતો. એ નદી પાસે ગયો અને કુહાડી નદીમાં નાંખી રડવા લાગ્યો. દેવી સોનાની કુહાડી લઈ ને ઉપર આવી. "આ છે શું તારી કુહાડી?" એણે પૂછ્યું. મિત્ર આનંદથી બોલ્યો, "હા! હા! આજ મારી કુહાડી!" એનું ખોટું બોલવું દેવીને તરત સમજાયું, અને એણે તેને સોનાની કુહાડી તો આપીજ નહીં, એની પોતાની કુહાડી પણ આપી નહીં!



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories

Published by

Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions


સુવર્ણ સ્પર્શ

એક ગામમાં કોતૈયા નામનો વેપારી રહેતો હતો. એની પાસે એટલો પૈસો હતો કે ગામવાળા એને "કંચન કોતૈયા" કહેતા. એની પાસે ખૂબ સોનુ પણ હતું. પણ એ ખુશ નહોતો, એને હજી સોનુ હોવું જોઈયે એવું લાગતું.




એક દિવસ કોતૈયા સવારે વહેલો ઉઠયો અને નાહીને નજીકના તળાવ પાસે ગયો. ત્યાં બેસીને પ્રાર્થના કરવા લાગ્યો.

દેવી પ્રસન્ન થયા અને એણે તેને એક વરદાન આપ્યું. "જોઈએ તે માંગ!" દેવી બોલ્યા. "મને ખૂબ સોનુ જોઈયે છે," કોતૈયા એ કહ્યું. "કેટલું સોનુ જોઈયે?" દેવીએ પૂછ્યું. "હું જેને સ્પર્શ કરું એ બધું સોનાનું થઈ જાય!" કોતૈયા બોલ્યો. "ઠીક છે. એમજ થશે," દેવીએ વરદાન આપ્યું.




ઘરે આવીને "કંચન કોતૈયા" એ પલંગ ને હાથ લગાવ્યો. પલંગ સોનાનો થઈ ગયો! પછી બાગમાં જઈ એણે ઝાડ ને હાથ લગાડયો, એ પણ સોનાના થઈ ગયા. રૂ ના ઝાડને હાથ લગાવ્યો તો એ પણ સોનાના થઈ ગયા.

ઘરે આવીને એણે પત્નીને ખાવાનું પીરસવા કહ્યું. પણ કોળિયો હાથમાં લેતાજ એ પણ સોનાનો થઈ ગયો! તરસ લગતા એણે પાણી પીવા લીધું. ગ્લાસ અને અંદરનું પાણી પણ સોનાના થઈ ગયા. અત્યાર સુધી કોતૈયા ખૂબ ખુશ હતો, પણ હવે એને બહુ ભૂખ અને તરસ લાગી હતી.



એટલામાં એની નાની દીકરી ઓરડીમાં આવી. એને પાસે લેતાજ એ પણ સોનાની થઈ ગઈ!

અશ્રુ પાડતા કોતૈયાએ દેવીનું સ્મરણ કર્યું. મદદ માંગી. દેવી પ્રગટ થયા. "મારે સોનુ નથી જોઈતું! મને મારી દીકરી પાછી જોઈયે! આ વરદાન કૃપા કરીને પાછું લઈ લો," એવું બોલતા કોતૈયા દેવી ના પગમાં પડી ગયો.



દેવીએ કોતૈયા ની માંગણી માન્ય કરી. બધું જ પાછું પૂર્વવત થઈ ગયું.

પોતાની દીકરી પાછી જીવતી થઈ એ જોઈ કોતૈયા આનંદિત થઈ ગયો.

Gujarati :
Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions

બટેર ના બચ્ચા


એક બટેર પક્ષીએ જુવાર ના ખેતર માં માળો બાંધ્યો અને એમાં ઈંડા મૂક્યા. ઇંડામાંથી બચ્ચા બહાર આવ્યા. જુવાર નો પાક લણવા માટે તૈયાર હતો. બચ્ચા માટે ચણ લાવવા જતા બટેરે બચ્ચાને ખેડૂત શું બોલે છે એ ધ્યાન થી સાંભળવા કહ્યું.




બટેર પાછું માળામાં આવતા બચ્ચા ગભરાઈને બોલ્યા, "માઁ! આજે ખેડૂત એના છોકરાઓ ને લઈને આવ્યો હતો. કાલે બધા સગાને પાક લણવા બોલાવ્યા છે."

"ગભરાઓ નહીં. કાલે લણણી નહીં થાય," બટેર બોલ્યું.

બીજે દિવસે પાછી એજ સૂચના આપી એ ખાવાનું લેવા ગયું.



સાંજે બચ્ચા બોલ્યા, "માઁ! આજે ફરી ખેડૂત બાળકો ને લઈને આવ્યો હતો. એના નાતીલા કામમાં હતા એટલે કાલે પાડોશીને બોલાવીને કાપણી કરવાના છે." "ગભરાઓ નહીં. કાલે કાપણી થશે નહીં," બટેર બોલ્યું.



ત્રીજે દિવસે પાછી એજ સૂચના આપી બટેર ગયું. સાંજે બચ્ચાઓ એ કહ્યું, "માઁ! આજે પાછા ખેડૂત અને એના બાળકો આવ્યા હતા. પાડોશી કંઈ આવ્યા નહીં, એટલે કાલે એ પોતે કાપણી કરવાના છે."

"ખેડૂત પોતે કાપણી કરવાનું વિચારે છે તો નક્કી કાપણી થશે. આપણને તાબડતોબ બીજી જગ્યા શોધવી પડશે," બટેર બોલ્યું અને બચ્ચાને લઈ નવી જગ્યા ની શોધ માં ઉડી ગયું.

કાચબાએ પાઠ ભણ્યો



એકવાર કાચબાએ ગરુડ ને પોતાને ઉડતા શીખવવા કહ્યું.

ગરુડે સલાહ આપી કે ઉડવું એ કાચબા માટે યોગ્ય નથી. પણ કાચબાએ એની જીદ ન છોડી.



પછી ગરુડે કાચબાને ઉચક્યો અને ઊંચે ઉડયું. એણે આકાશમાં પહોંચીને કાચબાને નીચે જોવા કહ્યું. કાચબાએ વળીને જોયું ત્યારે તે કેટલો ઉપર આવ્યો છે એ જાણ્યું. "અહીંથી જો હું નીચે પડીશ, તો નક્કી કવચ તૂટશે અને હું મરી જઈશ!" એણે વિચાર્યું. "મારે ઉડવું નથી!" એ બોલ્યો. "મને જમીન ઉપર લઈ જા!"

Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam


12-3-439, Street No. 1, Tarnaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani, Printed at Charita Impressions

ઝરણું ઓળંગ્યું

ચીનમાં એક ગામમાં એક તબેલો હતો. તબેલાના ઘોડા દિવસભર ખેતર ખેડતા અને બગી ખેંચતા.

આ ઘોડાઓમાં એક સફેદ ઘોડી હતી, જેને એક ટટ્ટુ હતું.

"આ ઘઉં ની ગુણી મિલમાં લઈ જા," ઘોડી એ કહ્યું. ટટ્ટુ એ ગુણી પીઠ ઉપર નાંખી અને ઝડપથી દોડતું નીકળ્યું.





રસ્તામાં એક ખળખળ વહેતુ ઝરણું હતું.

ટટ્ટુને ઝરણાં પાસે બેસેલો એક બળદ દેખાયો. "બળદકાકા, હું ઝરણું પાર કરી શકીશ કે?"


"ઝરણું ઊંડું નથી. ઘૂંટણ સુધી પાણી છે. હું ગઈ કાલેજ એ બાજુ થી આવ્યો," બળદ બોલ્યો. ટટ્ટુ ધીમેથી પાણીમાં ઉતર્યું.

એવામાં એક ખિસકોલી દોડતી આવી. "ઉભું રહે! ઉભું રહે! ઝરણું બહુ ઊંડું છે. કાલેજ મારો એક મિત્ર ઝરણું ઓળંગતા ડૂબી ગયો." આ સાંભળી ને ટટ્ટુ તરત પાછું ફર્યું.

બિચારું પાછું માઁ પાસે ગયું. એને આટલી જલ્દી પાછું આવેલું જોઈ માઁ ને આશ્ચર્ય થયું. "આટલું જલ્દી કેવી રીતે પાછું આવ્યું?" એણે પૂછ્યું.


"માઁ, રસ્તામાં એક ઝરણું છે. એ કેટલું ઊંડું છે એ મને સમજાયું નહીં," ટટ્ટુ બોલ્યું. "બળદ બોલ્યો હું પાર કરી શકીશ, પણ ખિસકોલી બોલી હું ડૂબી શકીશ. હું શું કરું?" એણે પૂછ્યું.

ઘોડી હસવું રોકી ન શકી. "બળદ કેટલો મોટો છે? ખિસકોલી કેટલી મોટી છે? એ બંને સાથે તારી તુલના કર, એટલે તું નિર્ણય કરી શકીશ કે તું ઝરણું ઓળંગી શકીશ કે નહીં!"



ટટ્ટુ ફરી ઝરણાં પાસે ગયું. "હું બળદ જેટલું મોટું નથી, અને ખિસકોલી જેટલું નાનું પણ નથી," એણે વિચાર્યું અને ઝરણાં માં ઉતર્યું. ઝરણું ઓળંગી એ સુખરૂપ મિલમાં પહોંચ્યું, અને ગુણી આપી ઘરે પાછું આવ્યું.

"શાબ્બાશ!" ઘોડી એ પ્રશંસા કરી.



Gujarati : Sudhir Jhaveri

A Bagful of Stories
Published by
Manchi Pustakam

12-3-439, Street No. 1, Tamaka, Secunderabad - 17, e-mail: info@manchipustakam.in; Ph.: 94907 46614, Illustrations: S. Pavani; Printed at Charita Impressions